RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 73* Date: 01.01.2023, Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# દેશ દુનિયામાં નવા વર્ષની શાનદાર ઉજવણી

## અમદાવાદ સહિત ગુજરાતભરમાં નવા વર્ષનું સ્વાગત ભવ્ય આતશબાજીથી કરવામાં આવ્યું







 તા.૩૧

૨૦૨૩નું સૌથી પહેલા સાંજે ૪.૩૦ (લોકલ સમય રાતના ૧૨) કલાકે ન્યુઝીલેન્ડના ઓકલૈંડમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગ પર પારંપારિક અંદાજમાં શાનદાર આતશબાજી કરવામાં આવી હતી.ત્યારબાર ઓસ્ટ્રેલિયાના સિડની,સાઉથ કોરિયા જાપાનમાં પણ ૨૦૨૩નું સ્વાગત ધામધૂમથી કરવામાં આવ્યું હતું. ઓસ્ટ્રેલિયાના સિડનીમાં હાર્બર બ્રિજ,હોંગકોંગના વિક્ટોરિયા હાર્બર પર દર વર્ષની જેમ આતશબાજી કરી નવા વર્ષનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્કોટલૈંડના પાટનગર ઇડનબર્ગમાં ૮૦ હજાર લોકોએ પારંપારિક રીતે નવા વર્ષનું સ્વાગત કર્યું હતું.

અમદાવાદ સહિત ગુજરાતભરમાં જુના વર્ષને અલવિદા સાથે નવા વર્ષની ભારે ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાતભરમાં નવા વર્ષની ઉજવણી ઢળતી સાંજથી જ શરૂ થઇ ગઇ હતી અને મોડી રાતે ૧૨ વાગ્યાના ટકોરે નવા વર્ષનું સ્વાગત ભવ્ય આતશબાજી સાથે કરવામાં આવ્યું હતું.

અમદાવાદમાં ૩૧મી ડિસેમ્બરની રાતે શહેરીજનો મોટી સંખ્યામાં સી જી રોડ અને એસ જી હાઈવે ઉપર ઉમટી પડયા હતાં.જયારે યુવા પેઢીએ કલબ પાર્ટી પ્લોટ હોટલ તેમજ ફાર્મ હાઉસોમાં ડાન્સ પાર્ટી કરી નવા વર્ષની ઉજવણી કરી હતી. જયારે કેટલાક શોખિનોએ શરાબ શબાબ અને કબાબની સાથે પણ ગુપ્ત જગ્યાએ ઉજવણી કરી હોવાનું જાણવા મળે છે. પોલીસે શહેરમાંથી કેટલાક અસામાજિક તત્વો અને નશાની હાલતમાં પકડાયેલા લોકોની ધરપકડ પણ કરી હતી.

નવા વર્ષની ઉજવણીને ધ્યાનમાં રાખી સી જી રોડ એસ જી હાઈવે કાંકરિયા સહિતના મુખ્ય માર્ગો પર ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. સીજી અને એસજી હાઇવે પરના તમામ નાના મોટા ચાર રસ્તાઓ ઉપર સીસીટીવી કેમેરા લગાવી દેવામાં આવ્યા હતાં.

સુત્રોના જણાવ્યા અનુસાર પશ્ચિમ વિસ્તારમાં ૧૫૦થી વધુ નાની મોટી ડાન્સ પાર્ટીઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સી જી રોડ પર મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતાં અને નવા વર્ષની ઉજવણી કરી હતી. બરોબર ૧૨ના ટકોરે આતશબાજી ચાલુ થઇ હતી અને બાળકોથી માંડી મોટેરાઓ એકબીજાને શુભેચ્છા પાઠવી નવા વર્ષના વધામણા કર્યા હતાં. યુવાનોમાં નવા વર્ષને વેલકમ કરવામાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મોડી રાત સુધી યુવા ડીજેના તાલ નાચતા જોવા મળ્યા હતાં.

અમદાવાદ ઉપરાંત રાજકોટ, મહેસાણા, બનાસકાંઠા, પાટણ નડિયાદ, ખેડા સહિત વિવિધ શહેરોમાં પણ નવા વર્ષની ઉજવણી કરવામાં આવી હતી.હોટલો ફાર્મ હાઉસોમાં સેલીબ્રીટી ડાન્સર્સ અને ડી જે સાથે ઉત્સવ પ્રેમીઓ ઝુમી ઉઠયા હતાં.શહેરની સોસાયટી અને કોમ્પ્લેક્ષોના કોમન પ્લોટોમાં પણ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું અને ઈસુના નવા વર્ષ ૨૦૨૩ને આવકારવામાં આવ્યું હતું. રાજકોટમાં યાજ્ઞિક રોડ ૧૫૦ ફુટરીંગ રોડ,કાલાવડ રોડ રેસકોર્ષ આજી ડેમ સહિતના જાહેર માર્ગો પર માનવ મહેરામણ ઉમટી પડયો હતો અને નવા વર્ષની ઉજવણી કરી હતી.ફાર્મ હાઉસોમાં ડાન્સ વીથ ડીનરના અનેરા આયોજન કરવામાં આવ્યા હતાં.

રાજકોટમાં વિરાણી હાઇસ્કુલના વિદ્યાર્થીઓએ થર્ટી ફર્સ્ટની અનોખી રીતે ઉજવણી કરી હતી વિદ્યાર્થીઓએ પોતાના ઘરેથી અને આજુબાજુમાંથી જુના અને નકામા કપડા એકઠા કરી જરૂરીયાતમંદ ગરીબ દર્દીઓને વિતરણ કર્યા હતાં.

આ પહેલા વર્ષ ૨૦૨૨ને વિદાય આપવા અને વર્ષ ૨૦૨૩નું સ્વાગત કરવા માટે ગુજરાત સંપૂર્ણપણે તૈયાર થઇ ગયુ હતુ પાર્ટીઓનો તબક્કો નવા વર્ષની શરૂઆત થાય તે પહેલા જ શરૂ થઇ ગયો હતો.

નવા વર્ષને આવકારવા માટે લોકો વ્યસ્ત દેખાયા હતાં ન્યુઝીલેન્ડના ઓકલેન્ડ શહેરમાં નવા વર્ષની સૌથી પહેલા શરૂઆત થઇ હતી હંમેશા જ ઓકલેન્ડ નવા વર્ષની ઉજવણી કરનાર વિશ્વનું સૌથી પ્રમથ શહેર બને છે. ઓસ્ટ્રેલિયાના સિડની મેલબોર્ન પર્થ, ભારતના અનેક રાજયોમાં પણ નવા વર્ષ નિમિતે ભવ્ય આતશબાજીનો નજારો જોવા મળ્યો હતો. ભારતમાં પણ તમામ મોટા શહેરોમાં મોડી સાંજથી નવા વર્ષને આવકારવા યુવા લોકો એકત્રિત થયા હતાં અને મોડી સાંજે નવા વર્ષની ઉજવણી કરી હતીદેશ દુનિયામાં નવા વર્ષની શાનદાર ઉજવણીકલ સમય રાતના ૧૨) કલાકે ન્યુઝીલેન્ડના ઔકલૈંડમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંદ પર પારંપારિક અંદાજમાં શાનદાર આતશબાજી કરવામાં આવી હતી.ત્યારબા ઓસ્ટ્રેલિયાના સિડની, સાઉથ કોરિયા જાપાનમાં પણ ૨૦૨૨નું સ્વાગત ધામધૂમથી કરવામાં આવ્યું હતું. ઓસ્ટ્રેલિયાના સિડનીમાં હાર્બર બ્રિજ, હોંગકોંગના વિકટોરિયા હાર્બર પર દર વર્ષની જેમ આતશબાજી કરી નવા વર્ષનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્કોટલૈંડના પાટનગર ઇડનબર્ગમાં ૮૦ હજાર લોકોએ પારંપારિક રીતે નવા વર્ષનું સ્વાગત કર્યું હતું.

અમદાવાદમાં ૩૧મી ડિસેમ્બરની રાતે શહેરીજનો મોટી સંખ્યામાં સી જી રોડ અને એસ જી હાઈવે ઉપર ઉમટી પડયા હતાં.જયારે યુવા પેઢીએ કલબ પાર્ટી પ્લોટ હોટલ તેમજ ફાર્મ હાઉસોમાં ડાન્સ પાર્ટી કરી નવા વર્ષની ઉજવણી કરી હતી.

## આપ પાર્ટીના ભાજપના ગુંડા શબ્દ પ્રયોગ પર ધારાસભ્ય વર્માએ 'આપ' ના બે ધારાસભ્ય સામે એફઆઈઆર નોંધાવી

નવીદિલ્હી,તા.૩૧

પૂર્વ દિલ્હીમાં સફાઈ કામદાર સાથે મારપીટના કેસમાં ભાજપના ધારાસભ્ય અભય વર્માના નજીકના સાથીઓના નામ સામે આવ્યા બાદ રાજકારણ ગરમાયું છે. ધારાસભ્યએ આ મામલે આમ આદમી પાર્ટીના બે ધારાસભ્યો રાખી બિરલા અને કુલદીપ કુમાર વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરી છે. આરોપ છે કે તેમની છબીને બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. બીજી તરફ, આમ આદમી પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે 'ભાજપના ગુંડાઓએ સફાઈ કામદાર પર હુમલો કર્યો હતો.

હાલમાં દિલ્હી પોલીસે ધારાસભ્યની ફરિયાદ પર પણ કેસ નોંધ્યો છે. પોલીસને કરેલી ફરિયાદમાં ભાજપના ધારાસભ્ય અભય વર્માએ આરોપ લગાવ્યો છે કે છઁછઁ ધારાસભ્યો રાખી બિરલા અને કુલદીપ કુમારે તેમની છબી ખરાબ કરવા માટે તેમના પર ખોટા આરોપો લગાવ્યા છે. પોલીસ કેસ કર્યા બાદ ધારાસભ્યએ ટ્વિટર પર પણ પ્રહાર કર્યો હતો. તેમણે કહ્યું કે દિલ્હીમાં ગેરકાયદે ખંડણી અને દારૂ માફિયા સામે તેમની લડાઈ આગળ પણ ચાલુ રહેશે.

જણાવી દઈએ કે ગુરુવારે પૂર્વ દિલ્હી વિસ્તારમાં દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના સફાઈ કામદારો સાથે ઝઘડો થયો હતો. આ અંગે સફાઈ કામદારોએ પોલીસમાં નામાંકિત ફરિયાદ આપી હતી. પરંતુ પોલીસે અજાણ્યા સામે ગુનો નોંધ્યો છે. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (પૂર્વ) અમૃતા ગુગુલોથે જણાવ્યું કે ફરિયાદના આધારે કેસ નોંધવામાં આવી રહ્યો છે અને તપાસ કરવામાં આવી રહી છે. હાલમાં, જાહેર કામમાં અવરોધ, સરકારી કર્મચારી પર હુમલો કરવા અને સરકારી સંપત્તિને નુકસાન પહોંચાડવાનો કેસ નોંધવામાં આવ્યો છે.

એમસીડીએ સફાઈ કામદારો સાથે મારપીટના મામલામાં ડેપ્યુટી પોલીસ કમિશનર (પૂર્વ)ને પત્ર લખ્યો છે. આમાં, એમસીડીએ પોલીસને આ કેસમાં શારીરિક ઉત્પીડન, ધાકધમકી અને જાહેર અપમાનની કલમો વધારવા વિનંતી કરી છે. એમસીડીએ સોશિયલ મીડિયા પર એક વાયરલ વીડિયો મોકલ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે આરોપીએ સ્વચ્છતા કર્મચારીઓને ખુલ્લેઆમ ધમકી આપી હતી અને તેમની જાતિ વિશે અપમાનજનક ટિપ્પણી કરી હતી. હાલમાં પોલીસે એમસીડી લેટરને પણ તપાસમાં સામેલ કર્યો છે.

## કહેવાયું હતું કે મુંબઈ સળગી જશે, માચીસની લાકડી પણ ન સળગી. ફડણવીસે ઉદ્ધવ પર નિશાન સાધ્યું

મુંબઇ,તા.૩૧

શિવસેનાના નેતા આદિત્ય ઠાકરેના હુમલા પર કટાક્ષ કરતા મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે તેઓ ન તો તેમનાથી ડરતા હતા કે ન તો તેમના પિતા ઉદ્ધવ ઠાકરેથી. અમે તેમના નાક નીચેથી ૫૦ ધારાસભ્યોને લઈને સરકાર બનાવી છે.

ત્યારે તેણે કહ્યું હતું કે મુંબઈ સળગી જશે, પરંતુ માચીસની એક પણ લાકડી સળગાવી ન હતી.આદિત્ય ઠાકરેએ અગાઉ રાજ્યની શિંદે સરકાર પર પ્રહારો કર્યા હતા કે તેઓ ૩૨ વર્ષના યુવક (આદિત્ય ઠાકરે પોતે)થી ડરે છે.ઠાકરેના નિવેદનની મજાક ઉડાવતા સીએમ એકનાથ શિંદેએ કહ્યું કે મહારાષ્ટ્ર સરકાર કોઈનાથી ડરતી નથી, તેના પિતાથી પણ નહીં.રાજ્યના ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું, ×અમે તેમના પિતાથી પણ ડરતા નથી. અમે તેમની પાર્ટીના ૫૦ ધારાસભ્યોને તેમના નાક નીચે લઈને રાજ્યમાં સરકાર બનાવી છે. તેમણે તે સમયે કહ્યું હતું કે મુંબઈ સળગી જશે, પરંતુ એક મેચ પણ. લાકડી બળી નથી.વાસ્તવમાં, ફડણવીસ એસેમ્બલી સ્થગિત કર્યા પછી મીડિયાને સંબોધિત કરી રહ્યા હતા. અગાઉ વિધાનસભામાં, ફડણવીસે કહ્યું હતું કે સિદ્ધિવિનાયક મંદિર ટ્રસ્ટમાં કથિત ગેરરીતિઓની તપાસ એક મહિનામાં પૂર્ણ કરવામાં આવશે. મહારાષ્ટ્ર વિધાનસભાનું શિયાળુ સત્ર શુક્રવારે મોકૂફ રાખવામાં આવ્યું હતું. આગામી સત્ર આવતા વર્ષે ૨૭ ફેબ્રુઆરીથી મુંબઈમાં શરૂ થશે.

## બિહારમાં દારૂબંધીનું ગુજરાત મોડલ લાગુ કરો; પરમીટ પર દારૂ મેળવો, જીતનરામ માંઝીની નીતિશ પાસે મોટી માંગ

પટણા,તા.૩૧

બિહારના પૂર્વ મુખ્યમંત્રી જીતનરામ માંઝીએ દારૂબંધી પર છૂટછાટની માંગ કરી છે. તેમણે બિહારમાં નશાબંધીનું ગુજરાત મોડલ લાગુ કરવાની નીતિશ સરકારની માંગ ઉઠાવી છે. માંઝીએ કહ્યું કે ગુજરાતની જેમ બિહારમાં પણ પરમિટ દ્વારા લોકોને દારૂ ઉપલબ્ધ કરાવવો જોઈએ. તેમણે પોતાની જ મહાગઠબંધન સરકારને ઘેરી હતી અને કહ્યું હતું કે રાજ્યમાં દારૂબંધીના કાયદાના અમલીકરણમાં ગરબડ છે.

ગરીબોને હેરાન કરવામાં આવે છે. નવા વર્ષમાં દારૂબંધીનો યોગ્ય અમલ થવો જોઈએ. જણાવી દઈએ કે, માંઝી નશાબંધીના મુદ્દે નીતિશ કુમાર પર સતત સવાલો ઉઠાવી રહ્યા છે. આ પહેલા પણ તેઓ તાડીને પ્રતિબંધમાંથી બાકાત રાખવાની માંગ કરી ચુક્યા છે.

મીડિયા સાથે વાત કરતાં જીતનરામ માંઝીએ કહ્યું હતું કે ગુજરાતમાં પણ દારૂબંધી છે, પરંતુ ત્યાં આવી વસ્તુઓ થઈ રહી નથી. દરેક જગ્યાએ મર્યાદા હોય છે અને જરૂર હોય તો પરમિટ સાથે દારૂ મળે છે. આ જ રીતે બિહારમાં પણ થવું જોઈએ. અહીં લોકો ઉતાવળમાં દારૂ બનાવે છે અને તે ઝેરી બની જાય છે. તે પીધા પછી લોકો મૃત્યુ પામે છે.

માંઝીએ કહ્યું કે દારૂબંધી સારી બાબત છે, પરંતુ બિહારમાં જે રીતે તેનો અમલ કરવામાં આવ્યો છે તેનાથી સમસ્યા ઊભી થઈ રહી છે.

દારૂબંધીના નામે ગરીબો પર અત્યાચાર થઈ રહ્યો છે. પોલીસ ગામડાઓમાં ઘૂસીને નકલી દારૂના કેસમાં ગરીબોની ધરપકડ કરીને જેલમાં મોકલી રહી છે. દારૂના મોટા દાણચોરો સામે કાર્યવાહી થવી જોઈએ.

જીતનરામ માંઝીએ શુક્રવારે સાંજે તેમના નિવાસસ્થાને લિટ્ટી ફિસ્ટનું આયોજન કર્યું હતું. જેમાં મુખ્યમંત્રી નીતિશ કુમાર સહિત મહાગઠબંધનના અન્ય નેતાઓએ ભાગ લીધો હતો. મુખ્યમંત્રી નીતિશ કુમાર લગભગ ૩૦ મિનિટ સુધી માંઝીના ઘરે રોકાયા હતા.

બિહારની જેમ ગુજરાતમાં પણ દારૂબંધીનો કાયદો લાગુ છે. જોકે ત્યાં લોકોને ખાસ સંજોગોમાં દારૂ પીવાની પરમિટ મળે છે. આ પરમિટ આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવે છે. લોકો સ્વાસ્થ્યના કારણોસર દેશમાં બનેલો વિદેશી દારૂ પી શકે છે. જો કે, આ પરમિટ લેવા માટે ઘણા નિયમો અને મર્યાદાઓ છે.

## રજાના દિવસે કર્મચારીને ફોન કર્યો તો ૧ લાખ રૂપિયાનો દંડ કરવામાં આવશે

રજાના દિવસે કોઈ પણ કામ સાથે જોડાયેલો કોલ અથવા મેસેજથી પરેશાન થવા નથી ઈચ્છતું. પરંતુ તેનો મતલબ એ નથી કે એવું ક્યારેય નથી થતું. તેને ધ્યાનમાં રાખીને ફેન્ટ્સી સ્પોર્ટ્સ ડ્રીમ૧૧એ એક દિલચસ્પ પોલિસી બનાવી છે. કર્મચારીઓ માટે આ શાનદાર પોલિસી છે કારણ કે રજાના દિવસે તેમને ઓફિસના કામથી જોડાયેલા કોઈ પણ કોલ અથવા મેસેજ નહીં કરવામાં આવે. ડ્રીમ૧૧ એ જાહેરાત કરી છે કે જો રજાના દિવસે કામ કરવાને લઈને કોઈ પણ કર્મચારીને પરેશાન કરે છે, તો તેને ભારે દંડ થશે.

કર્મચારી પોતાની રજાની સારી રીતે મજા માણી શકે તે માટે કંપની આ નવી પોલિસી લઈને આવી છે. ડ્રીમ ૧૧ની અનપ્લગ પોલિસીમાં કહેવામાં આવ્યું છે કે કર્મચારી પોતાની રજાને કામ સાથે સંબંધિત ઈમેઈલ, સંદેશ અને કોલ વગર વિતાવી શકશે. તેમને કોઈ પણ રીતે પરેશાન કરવામાં નહીં આવે. કર્મચારી એક અઠવાડિયાની રજા દરમિયાન સંપૂર્ણ રીતે પોતાને પોતાના કામથી અલગ રાખી શકે છે. કંપનીએ લિંક્ડઈન પર પોતાની આ પોલિસીની જાહેરાત કરી છે. લિંક્ડઈન પોસ્ટમાં લખ્યું છે- ડ્રીમ ૧૧માં અમે ખરેખરમાં ડ્રીમસ્ટરને લોગ ઓફ કરીએ છે.મીડિયા રિપોર્ટ પ્રમાણે, કંપનીના સંસ્થાપક હર્ષ જૈન અને ભાવિત શેઠે કહ્યું છે કે જે પણ કર્મચારી અનપ્લગ સમય દરમિયાન કોઈ અન્ય કર્મચારીનો સંપર્ક કરશે તેની પર એક લાખ રૂપિયા નો દંડ ફટકારવામાં આવશે. ભલે તેમની સ્થિતિ, ભાડાની તારીખ તથા અન્ય કોઈ પણ કારણ હોય. સંસ્થાપકોના કહેવા પ્રમાણે, પોલિસીને આ સુનિશ્ચિત કરવા માટે લાગૂ કરવામાં આવ્યું છે કે કંપની કોઈ કર્મચારી પર નિર્ભર ન થાય.કંપનીની નવી પોલિસીથી કર્મચારીઓ ખુશ હોવાનું જણાવાઈ રહ્યું છે. તેમનું કહેવું છે કે કર્મચારીઓને કંપનીની બધી સિસ્ટમ અને ગ્રુપથી અલગ રહેવાની અનુમતિ આપવી ફાયદાકારક છે. અમે સાત દિવસ સુધી ઓફિનસના કોલ, ઈમેઈલ, મેસેજ અથવા તો એટલે સુધી કે વ્હોટ્સએપથી પરેશાન નહીં થઈએ. તેનાથી અમને કેટલોક સારો સમય પસાર કરવાની તક મળશે. ડ્રીમ ૧૧ના એક કર્મચારીએ કહ્યું કે કામમાં પોતાનું બેસ્ટ આપવા માટે ફ્રેશ, ખુશી અને નવી ઉર્જા મેહસૂસ કરવી જરૂરી છે. ઘણી વખત કર્મચારી રજા વિતાવવા એવી જગ્યાઓ પર જાય છે, જ્યાં નેટવર્કની સમસ્યા હોય છે. તેવામાં તેમના માટે ઓફિસના કોલ અને મેસેજનો જવાબ આપવો મુશ્કેલ હોય છે. ડ્રીમ ૧૧ની નવી પોલિસી એવા કર્મચારીઓ માટે શાનદાર સાબિત થશે. હવે તેઓ બેફીકર થઈને ક્યાંય પોતાની રજાઓ વિતાવી શકશે.

## ચીન-પાક ઇકોનોમિક કોરિડોરનો બલૂચિસ્તાનમાં ઉગ્ર વિરોધ

ઈસ્લામાબાદ,તા.૩૧

પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતના ગ્વાદરમાં સ્થિતિ કાબૂ બહાર થઈ રહી છે. ચીન સાથે મિત્રતા જાળવી રાખવા માટે પાકિસ્તાન સરકાર પોતાના જ નાગરિકોનો અવાજ સાંભળી રહી નથી. ગ્વાદરમાં વિરોધ પ્રદર્શને હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. એક પોલીસકર્મીના મૃત્યુ પછી કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. ઈન્ટરનેટ સેવા પણ બંધ કરાઈ છે આ હોવા છતાં, હક દો તેહરીક ચીન-પાક ઈકોનોમિક કોરિડોરનો વિરોધ ચાલુ છે.આ પ્રદર્શન ચીન માટે પણ મુશ્કેલીનું કારણ બની ગયું છે. ચીનના રાજદૂતલી બિજાને સંમત થયા કે આ ચિંતાનું કારણ છે. ચીન ઉઁહ્નના અધ્યક્ષ રહેમાન અને અન્ય સ્થાનિક નેતાઓ સાથે વાત કરી રહ્યું છે, પરંતુ વિરોધીઓ ગ્વાદર ઈસ્ટ બે એક્સપ્રેસવે અને નિર્માણાધીન ન્યૂ ગ્વાદર ઈન્ટરનેશનલ એરપોર્ટને નિશાન બનાવી રહ્યા છે. ગ્વાદર, પસની, તુર્બત અને મકરાન સહિત અનેક વિસ્તારોમાં છેલ્લા પાંચ દિવસમાં ૧૦૦થી વધુ પ્રદર્શનકારીઓની ધરપકડ કરવામાં આવી છે. આમાંથી કેટલીક મહિલાઓ પણ છે. અન્ય ૩૫ લોકો સામે પણ કેસ નોંધવામાં આવ્યો છે.ગ્રામ્ય એચડીટીના વડા અને વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરનાર મૌલાના રહેમાને જણાવ્યું કે આ ગ્વાદરના લોકોના અધિકારો માટેની લડાઈ છે. અમે ચીનના નાગરિકો કે દેશના વિકાસના વિરોધી નથી, પરંતુ જો ચીની હિતથી લોકોના જીવન પર અસર થશે તો તેને સહન કરવામાં આવશે નહીં. વિરોધ ચાલુ રહેશે.આંદોલનકારીઓની માગ છે કે સુરક્ષા ચોકીઓની સંખ્યા ઘટાડવામાં આવે. દરિયામાંથી ચાઈનીઝ ટ્રોલિંગ દ્વારા માછલીની દાણચોરી બંધ કરવી જોઈએ કારણ કે તેમની આજીવિકાને અસર થાય છે. આ સાથે આંદોલનકારીઓ ઈરાન સાથે વેપાર કરવાના નિયમોમાં છૂટછાટની પણ માગ કરી રહ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# ઉપયોગી ચૂંટણી સુધાર

ભારતીય ચૂંટણી પંચે ઘરેલુ પ્રવાસી મતદારો માટે રિમોટ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન વિકસિત કરીને એક સારી પહેલ કરી છે. આવી કોઈ પહેલની જરૂરિયાત એટલા માટે હતી, કારણ કે એક મોટી સંખ્યામાં લોકો કામધંધા માટે પોતાના વતનથી દૂર રહેતા હોય છે. સમયની સાથે એવા લોકોની સંખ્યા વધતી જાય છે. એવા કરોડો લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ નથી કરી શકતા, કારણ કે સેંકડો કિલોમીટરની યાત્રા કરીને પોતાના ગામ-ઘરે વોટ નાખવા જવું સુવિધાજનક પણ નથી હોતું અને પરવડે તેવું પણ નથી હોતું. એક અનુમાન અનુસાર લગભગ ૩૦ કરોડ મતદારો વોટ આપવાથી વંચિત રહી જાય છે. હવે એવા મતદારો માટે રિમોટ ઈવીએમ કોઈ વરદાનથી ઓછું નહીં હોય. સમયની સાથે આ ઈવીએમનો લાભ બીમાર અને બુઝુર્ગ પણ ઉઠાવી શકે છે અને મતદાનના દિવસોમાં યાત્રા કરનારા લોકો પણ. એનાથી મતદાનમાં એ બધા લોકોની ભાગીદારી વધશે, જેઓ વોટ આપવાની ઈચ્છા ધરાવતા હોવા છતાં પણ એવું નથી કરી શકતા. બહુ જ સંભવ છે કે એનાથી ઓછા મતદાનની સમસ્યાનું પણ સમાધાન થશે. નિઃસંદેહ રિમોટ ઈવીએમને લઈને લોકોની પ્રતિક્રિયા ઉત્સાહજનક હોવી જોઈએ. જોવાનું એ છે કે આ ઈવીએમ પર રાજકીય પક્ષો પોતાની કેવી અને શી પ્રતિક્રિયા આપે છે? યોગ્ય એ રહેશે કે તેઓ નીર-ક્ષીર રીતે પોતાની પ્રતિક્રિયા આપે અને નકારાત્મકને બદલે સકારાત્મક વલણ અપનાવે. આ અપેક્ષા એટલા માટે, કારણ કે કેટલાક રાજકીય પક્ષો ઈવીએમને લઈને સવાલ ઉઠાવવા ટેવાઈ ગયા છે. એ સારું છે કે તેમની આ આદત હાલના હિમાચલ અને ગુજરાત વિધાનસભા ચૂંટણીઓ દરમ્યાન જોવા નથી મળી.

રિમોટ ઈવીએમનું અસ્તિત્વમાં આવવું ચૂંટણી સુધારની દિશામાં એક માઈલસ્ટોન છે. ચૂંટણી પંચ પાસે એ અપેક્ષિત છે કે તે રિમોટ ઈવીએમ બાદ અન્ય પડતર ચૂંટણી સુધારાની દિશામાં ઝડપથી આગળ વધે. આ સુધાર ન માત્ર મતદાનમાં વધુને વધુ લોકોની ભાગીદારી વધારનારા હોવા જોઈએ, બલ્કે અયોગ્ય સાધનોનો ઉપયોગ રોકવા અને સાથે જ રાજનીતિના અપરાધીકરણ પર અંકુશ લગાવનારા પણ. તેની અવગણના ન કરવી જોઈએ કે તમામ ઉપાયો બાદ પણ ચૂંટણીઓમાં અયોગ્ય સાધનોનો ઉપયોગ વધતો જાય છે. લોકોને પ્રલોભન આપીને અને હવે તો સીધેસીધા રૂપિયા વહેંચીને લોકોના વોટ મેળવવાની કોશિશ સામાન્ય થઈ ગઈ છે. અપરાધિક છબિ ધરાવતા લોકોને ચૂંટણી લડતાં રોકવા પણ ચૂંટણી પંચની પ્રાથમિકતામાં હોવું જોઈએ. જોકે ચૂંટણી પંચ એક લાંબા સમયથી તેના માટે કોશિશ કરી રહ્યું છે, પરંતુ તે એટલા માટે સફળ નથી થઈ શકતું, કારણ કે રાજકીય પક્ષો તેનાં સૂચનો અપનાવવા તૈયાર નથી. રાજકીય પક્ષો આગળ ચૂંટણી પંચનું એટલા માટે કશું ચાલતું નથી કે તેની પાસે પૂરતા અધિકારો નથી. યોગ્ય એ રહેશે કે આ મામલે સુપ્રીમ કોર્ટ ચૂંટણી પંચની સહાયતા કરે અને તેને જરૂરી અધિકારોથી સજ્જ કરવાની આવશ્યકતા સમજે.

## ત્રિપુરામાં ભાજપની જનવિશ્વાસ યાત્રા, ગૃહમંત્રી અમિત શાહ લીલી ઝંડી બતાવી કરાવશે પ્રયાણ

નવીદિલ્હી,તા.૩૧

આગામી વર્ષે ત્રિપુરા વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ ૫ જાન્યુઆરીએ રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની રથયાત્રાને ફ્લેગ ઓફ કરશે. પાર્ટીના એક નેતાએ જણાવ્યું કે ૮ દિવસની આ યાત્રાને ઉત્તર ત્રિપુરા જિલ્લાના ધર્મનગરથી ફ્લેગ ઓફ કરવામાં આવશે.ભાજપના પ્રદેશ અધ્યક્ષ રાજીબ ભટ્ટાચાર્યએ કહ્યું કે શાહ એ જ દિવસે દક્ષિણ ત્રિપુરા જિલ્લાના સબરૂમ ખાતે રેલીને સંબોધશે. ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા યાત્રાના અંતિમ દિવસે ૧૨ જાન્યુઆરીએ કાર્યક્રમમાં હાજરી આપશે.ભાજપની રાજ્ય સમિતિએ ત્રિપુરાના મુખ્ય પ્રધાન ડૉ. માણિક સાહા, ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન બિપ્લબ કુમાર દેબ, આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમા, કેન્દ્રીય પ્રધાનો સ્મૃતિ ઈરાની, પ્રતિમા ભૌમિક અને સર્બાનંદ સોનોવાલ સહિત દસ નેતાઓને સ્ટાર પ્રચારક તરીકે યાત્રામાં જોડાવા માટે પ્રસ્તાવ મૂક્યો છે.શિડ્યુલ મુજબ ઉત્તર ત્રિપુરામાં શરૂ થનારી રથયાત્રા ધર્મનગરથી સવારે ૧૧ વાગ્યે શરૂ થશે જ્યારે દક્ષિણ ત્રિપુરાથી શરૂ થનારી રથયાત્રા બપોરે ૨ વાગ્યે સબરૂમથી શરૂ થશે. ભટ્ટાચારીએ જણાવ્યું હતું કે યાત્રાના બે તબક્કા રાજ્યના ૬૦ વિધાનસભા મતવિસ્તારોમાંથી ૫૬માંથી પસાર થયા બાદ અંદાજિત ૧,૦૦૦ કિમીનું અંતર કાપશે.



મુકેશ પરીખ

હે વર્ષ ૨૦૨૨,
રોકાઈ જા જરા.
કેટલાક ટહૂકા રહી
ગયા છે બાકી તો
કેટલાક ડૂસકાં હજી
અટકી રહ્યાં છે ગળા માં.
હે વર્ષ ૨૦૨૨,
રોકાઈ જા જરા.
ઘ્રણા-નફરતની ગૂંચ
ઉકેલવી બાકી છે હજી તો,
વ્હાલ-પ્રેમ ના તાંતણા પણ
ગૂંથવા છે બાકી છે મારે.
હે વર્ષ ૨૦૨૨
રોકાઈ જા જરા.
કાંઈક અપૂર્ણ રહેલ કામ
મઠારવા છે હજી તો
કોઈ કાર્યો નો
શુભારંભ બાકી છે હજી.
ખંડેર થયેલ સંબધો માં
તાજગી લાવવી
બાકી છે હજી તો,
નવા સંબધો માં
સુવાસ ઠાળવવી બાકી છે હજી.
હે વર્ષ ૨૦૨૨
રોકાઈ જા જરા,
હે વર્ષ ૨૦૨૨ રોકાઈ જા જરા.
-મુકેશ પરીખ
ન્યુ જર્સી, યુ. એસ. એ.

# 'પડછાયાના માણસ' / પ્રસ્તાવના




શ્રીમતી જયશ્રી મરચંટને શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા શ્રી ઉમાશંકર જોશી વિશ્વ ગુર્જરી દ્વારા સન્માનિત કરવામાં આવી રહ્યાં છે.

'સાહિત્ય સંગીતનું વિશ્વ' જયશ્રીબહેનને આ ગૌરવદિને અઢળક અભિનંદન અને શુભેચ્છા પાઠવે છે.

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે જયશ્રીબહેનની અનેક ગદ્ય તેમજ પદ્ય રચનાઓ વાચકોએ માણી છે. જયશ્રીબહેનની એક વધુ સિદ્ધિ સમાન એમણે લખેલી પ્રસિદ્ધ નવલકથા ' પડછાયાના માણસ'ના પ્રકાશન માટે જયશ્રીબહેનને અભિનંદન પાઠવતા આનંદ અનુભવું છું.પ્રકાશિત નવલકથાની પ્રસ્તાવના વર્ષાબહેન અડાલજાએ તો લખી જ છે સાથે મને એની પ્રસ્તાવના લખવાની તક મળી એનો આનંદ છે, એ આપની સાથે વહેંચવો ગમશે.જયશ્રીબહેનની નવલકથા' પડછાયાના માણસ' માટે વર્ષાબહેને લખ્યું છે કે,

'જુદા જુદા સ્થળ અને સમયમાંથી પસાર થતી સુલુ અને દિલીપની જીવનસફર નદીના બે કિનારાની જેમ સદાય સમાંતરે છતાં અલગ રહેવાની કથા છે. નિયતી આખરે તેમને મેળવે છે. આનંદમાં સમય વીતે છે, પણ થોડી પળ અને દિલીપ વિદાય લે છે.

'પડછાયાના માણસ' પ્રેમની એક કરુણમંગલ કથા છે. પ્રેમનાં કેટલાંક વિવિધ રૂપ લેખિકાએ ઉજાગર કર્યા છે! દિલીપ અને સુલુનો શૈશવકાળથી સ્થિર જ્યોતે પ્રકાશતા દીપ જેવો પ્રેમ.... તો સેમ પ્રત્યે થોડા સમયનું ઝંઝાવાતી શારીરિક આકર્ષણ, ઋચા અને સુલુનો નિઃસ્વાર્થ દોસ્તીનો પ્રેમ....

એ પ્રેમ અને દોસ્તીની આસપાસ જ હોય એવા વાસ્તવિક લાગે છે. જેમ ગોફ ગૂંથાતો જાય એમ પાત્રોના જીવનના ચડાવઉતાર, મનોમંથન અને વહેણ-વણાંક એટલાં સુંદર રીતે લેખિકાએ ગૂંથ્યા છે કે કથા સાદ્યંત રસભર બની જાય છે.

વર્ષા અડાલજા

'પડછાયાના માણસ'

સુ.શ્રી. જયશ્રીબહેન મરચન્ટ લિખિત નવલકથા 'પડછાયાના માણસ' એક નહીં અનેક વ્યક્તિઓ, અનેક પાત્રોના ભાવવિશ્વને જોડતું સુંદર કૉલાજ બનીને વાચક સમક્ષ પ્રસ્તુત થઈ છે.

આ નવલકથા એકથી વધુ વાર વાંચી છે. નવલકથા એના આરંભથી માંડીને અંત સુધીના દરેક પ્રકરણે કોઈ અણધાર્યા વળાંકે જઈને ઊભી રહી છે. આ અણધાર્યા વળાંક હોવા છતાં વાર્તાનો પ્રવાહ અસ્ખલિત રીતે વહેતો રહ્યો છે. નવલકથા વાંચતા વિચાર આવે કે આ પ્રકરણ સમાપ્ત થાય તો બીજું પ્રકરણ આવતી કાલે વાંચીશ, પણ એમ ન થયું. પ્રકરણના અંતે એવી અસર ઊભી થાય કે આવતી કાલ તો શું એક ક્ષણની પણ ક્યાં રાહ જોવાય એમ હતી?

નવલકથા એવા સંધિકાળથી શરૂ થાય છે જ્યાં એક જીવન આથમી રહ્યું છે. એક વ્યક્તિની વિદાયના ઘેરા શોકની લાગણીથી બેફામ સાહેબ કહે છે એમ ×એક રાજા હતો અને એક રાણી હતી, એ તો તારી અને મારી કહાણી હતી× ની હવા બંધાય છે. તો પછી આગળ શું એવી લાગણીથી વાચક સતત પ્રવાહમાં ખેંચાયે રાખે છે.

શક્ય છે 'પડછાયાના માણસ'ના પાત્રો ક્યાંક આપણી આસપાસ, આપણી લગોલગ મળી આવે અથવા એ પાત્રોમાં ક્યાંક આપણી જાત પણ જડી આવે.

વ્યક્તિ એક હોવા છતાં ઊગતા સૂર્યના પ્રકાશમાં અને આથમતા સૂર્યના અજવાસમાં એની છાયાના સ્વરૂપ બદલાતા રહે એમ આ નવલકથાના પાત્રોના મનોભાવ અને મિજાજ બદલાતા મેં જોયા, અનુભવ્યા છે. કેલીડોસ્કોપ ફેરવતા સુંદર રંગીન, અવનવી આકૃતિઓ સર્જાય એવું પણ આ નવલકથામાં અનુભવ્યું છે.

'પડછાયાના માણસ'નું મુખ્ય પાત્ર સુલુ નામની એક વ્યક્તિમાં અનેક વ્યક્તિ, અનેક વ્યક્તિત્વ નિખર્યા છે. દરેક ઘટના સમયે એ અલગ સુલુ બનીને ઉભરી આવી છે. એ વિચારો અને નિર્ણયોમાં એકદમ સ્પષ્ટ છે. એની સામે ઈંદિરા એક એવા ભાવવિશ્વમાં અટવાતું પાત્ર છે જ્યાં એની મૂંઝવણનો કોઈ માર્ગ કે ઉકેલ જ નથી. માનસિક બીમારીને લીધે ઈંદિરાએ વિભિન્ન અજાણ્યા ભય અને મનોવ્યાપાર વચ્ચે જકડાઈને તરફડતી રહે છે. નવલકથાનો ત્રીજો ખૂણો, સુલુની મમ્મી રેણુ. એકલતાની પીડા જ જાણે એના નસીબમાં લખાઈ છે. છતાં આટલી સ્થિરતા, આટલી મક્કમતા ક્યાંથી કોઈ સ્ત્રીમાં આવે?

આ ત્રણે પાત્રોને લેખિકા જયશ્રીબહેને અત્યંત ખૂબીથી કંડાર્યા છે અને એમની આસપાસ અન્ય પાત્રોને જિગ્સૉ પઝલની જેમ કોઈ સાંધો કે રેણ ન દેખાય એવી રીતે ગોઠવ્યાં છે કે એક આખું સુરેખ કેનવાસચિત્ર વાચક સમક્ષ પ્રસ્તુત થાય છે.

આ નવલકથાની કથા કે એના પાત્રો વિશે ઘણું કહેવું છે. પણ જો મનમાં છે એ લખવા જ માંડું તો શક્ય છે કે પાના ભરાય એટલે વધુ કહેવા કરતાં અધ્યાહાર રાખું એ જ યોગ્ય છે. વાચક વાંચતો જશે એમ એ નવલકથા અને એના પાત્રોની સાથે આપોઆપ સંકળાતો જશે, એનો મને પાકો વિશ્વાસ છે. પણ હા, એટલું કહેવાની ઈચ્છા રોકી શકતી નથી કે છેલ્લા એક વર્ષથી વધુ હું પણ આ કથા, કથાના તમામ પાત્રોની સાથે સતત સંકળાયેલી રહી છું. 'પડછાયાના માણસો'ને જાણવાની, સમજવાનીની આ તક મળી એનું મને ગૌરવ છે.

સાવ નોખી, અનોખી નવલકથાના આલેખન માટે જયશ્રીબહેનને અઢળક અભિનંદન અને ભવિષ્યમાં આવા રસપ્રદ સર્જન કરતાં રહે એવી શુભેચ્છા.

રાજુલ કૌશિક
Rajul Kaushik
http://www.rajul54.wordpress.com

# 'સરવૈયું..૨૦૨૨નું' 'સ્વાગત''૨૦૨૩નું'



વીતી ગયેલાં પેલા બાવીસનું સરવૈયું ને તે તો ક્યાં રોકાય! આજ રાત્રી વીતી નથી ને દોડતું દોડતું વર્ષ પેલાં ત્રેવીસની આંગળી પકડી લેશે. બારમાસીનાં પુષ્પોની જેમ સફેદ ગુલાબી રંગો બદલશે. વાતે વાતે ફૂંકાતી અફવાઓને હવા મળશે. દબાયેલા કેસો પર બીજા વર્ષની ધૂળ ચોંટશે.તો કંઈક નવું સર્જાશે. વર્ષનાં અંતિમ ઠરાવ પર પાછો કોરોના રાક્ષસ મોંઢું ખોલી તેની અગન જ્વાળામાં ઓહિયા કરી રહ્યો છે. ત્યાં ચીન બ્રાઝીલ તેમનું નવું વર્ષ ઉજવશે? ઘરે ઘરે શોકની છાયા વિંટળાય વળી છે મિત્રો ત્યાં સ્મશાનોમાં હોડ લાગી છે! માનસિકતા નગ્ન બની અટ્ટહાસ્ય કરી રહી છે.ત્યાં નવું વર્ષ સીમા વટાવી પ્રવેશ કરવા થનગની રહ્યું છે.મારી નજરે આ ડિસેમ્બર મહિનો દોડધામમાં જ પૂર્ણ થયો. અજમેર પુષ્કર લગ્નોત્સવ માણ્યો ,ગુજરાતી ભાષા વિકાસ સંગઠનમાં સુંદર કાર્યક્રમ પતાવી હજુ તો શાંતિ માટે વિચારું ત્યાં ૫ સૌરાષ્ટ્રની ભૂમિનાં અંજળપાણી પૂર્ણ કરવા પહોંચી. મહેમાનગતિ કરતા સૌમ્ય માનવીઓ મળ્યાં . તો કવિ કલાપીના સંગ્રહાલયની મુલાકાત લાઠી મુકામે કરી. મિત્રો સાચું કહું તો કલાપી ચોપડીઓમાં શબ્દો રૂપે વધુ દેખાય છે બાકી લાઠીમાં તે જાણે તણખલાં રૂપ અસ્તિત્વ ધરાવે છે!

ત્યારબાદ બે ત્રણ દિવસમાં જ અમદાવાદના 'ન્યુઝ ઓફ ગાંધીનગરના' એડમીનની જવાબદારી પૂર્ણ કરવા ઉપડી જવું પડ્યું. સાચું કહું આ ગ્રુપનું નામ જ 'સાહિત્ય સરિતા' છે. વહેતી આ સરિતામાં ઘણાં નાવિકો પોતાની કલમનાં હલેસાથી સામે પ્રવાહે તરી કિનારાની તરફ આગળ ને આગળ વધી રહ્યાં છે. તંત્રી શ્રી પ્રદીપભાઈ રાવલે બધાં માટે સુંદર પાઠશાળાનું આયોજન કરી બધાંને કલમાર્થી બનાવવાનો બનતો પ્રયત્ન કર્યો છે. સુંદર સ્નેહમિલન સહસભ્યો ને એડમીનટીમ દ્વારા પૂર્ણ આનંદમય પાર ઉતર્યો છે. પઠન, એકોક્તિ ને સૂરાવલીની રમઝટથી ને મહાનુભાવોનાં આગમનથી ચારચાંદ લાગી પૂર્ણતા પામ્યો . તો સભ્યોનાં સુંદર મમતામયી આહ્લાદપૂર્ણતાથી વાતાવરણ મહેકી ગયું. ફરી ફરી મળવાના વાયદાને મીનાક્ષીબેનના સુંદર કલાત્મક સર્ટિફિકેટ અને સુંદર સોવિનિયર ને સ્વાદિષ્ટ ભોજનનીતૃપ્તી મેળવી સર્વે છૂટાં પડ્યાં. અમેરિકાનું 'સાહિત્ય સંગીત વિશ્વ ગ્રુપ' સાથે સાહિત્યિક જોડાણનો આનંદ છે.તંત્રી શ્રી પ્રદીપ રાવલના જન્મદિવસની ભવ્ય ઉજવણી પણ ત્યાંજ તેમના કુંટુંબીઓ સાથે સર્વે સહૃદયી સભ્યો સાથે કરાય.

ચાર પાંચ દિવસ પછી ફરી અમદાવાદની મુલાકાતનો એક સુંદર લહાવો મળ્યો. શ્રી ક.મા. મુનશીનું સુંદર પુસ્તક કલમના કસબીના વિમોચનનો લાભ મળ્યો.એક સારા વાચક તરીકે બિરદાવામાં આવી. શ્રી. ક.મા. મુનશીના ૧૩૫માં જન્મ દિવસે તેમના જ પાયાની મજબૂત શાખા ભવન્સ કોલેજમાં ઉજવાયો ને તેમાં આમંત્રિત કરવા રીટાબેન જાનીની આભારી રહીશ. પાછા ફરતાં વિચારી રહી કેવું દોડી ગયું ૨૦૨૨ ! આશ્ચર્ય સહિત કાલથી ૨૦૨૩ લખીશું. મિત્રો તમારું પણ આમજ દોડી ગયું હશે ને? શું મેળવ્યું તમે? આનંદથી માણવી ને મમળાવવી રહી આ પળો નેપ! ચાલો સાહિત્ય મિત્રો નવા વર્ષ માટે સંકલ્પ લઈએ કે દુઃખને હાવી નહિ થવા દઈએ ને સુખનું સર્જન કરી આનંદમય ઈશના આપેલા આ મનખા દેહને મોજીલો જ રાખીશું ,પ્રફુલ્લિત મન રાખી ફરી મનગમતી નવા વર્ષની સફર પૂર્ણ કરીશું. સાહિત્યકારો નવા સર્જનની શરૂઆત કરીશું. કુટુંબીઓ ને મિત્રો સાથે દરેક પળને નવા સૂર્યોદયથી આવકારીશું . વર્ષના અંતિમ દિવસોમાં માનનીય પ્રધાનમંત્રીના માતૃશ્રી હિરાબાનાં દેહાંતના સમાચાર વસમા લાગ્યાં,પણ શ્રી નરેન્દ્ર મોદીએ ભારત વર્ષને શોક ન મનાવવા દઈ કાર્યરત રહી કાર્ય કરવાની પ્રેરણાથી અભિભૂત કરી દીધાં . વંદન તે માતાને જેણે આવા સાવજને દેશ માટે અર્પ્યા છે.

અસ્તુ,
જયશ્રી પટેલ
૩૧/૧૨/૨૨

## કોંગ્રેસની ભારત જોડો યાત્રામાં સામેલ થવાનું આમંત્રણ નથી મળ્યું : અખિલેશ યાદવ

લખનૌ,તા.૩૧

વર્ષ ૨૦૨૩ શરૂ થવાનો છે અને લોકસભાની ચૂંટણીને હવે માત્ર એક વર્ષ જ બાકી છે. એવામાં તમામ રાજકીય પાર્ટીઓએ પોત-પોતાની તૈયારીઓ શરૂ કરી દીધી છે, નેતાઓ ગુણા-ગણિત લગાવી રહ્યા છે.

કઈ પાર્ટી કોને સાથ આપશે તેના માટે પણ ચર્ચા શરૂ થઈ ગઈ છે.

કહેવાય છે કે, દિલ્હીની ખુરશીનો રસ્તો યુપીમાંથી થઈને જ જાય છે.

એવામાં યુપીની મુખ્ય વિપક્ષી પાર્ટી સમાજવાદી પાર્ટીના મુખ્યા અખિલેશ યાદવે લોકસભા ચૂંટણી ૨૦૨૪ને લઈને પોતાના પત્તા ખોલી નાખ્યા છે. અખિલેશ યાદવે જણાવ્યું કે, લોકસભા ચૂંટણીમાં તેઓ કોને સાથ આપશે?

અહીં તમને જણાવી દઈએ કે, સપા સુપ્રીમો અખિલેશ યાદવ પહેલા જ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાથી દૂરી બનાવી ચૂક્યા છે અને હવે તેમણે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે પોતાના પ્લાનનો ખુલાસો કરી દીધો છે. અખિલેશ યાદવે કહ્યું છે કે, જો ત્રીજો મોરચો બનશે તો તે તેને સાથ આપશે. આજે ભાજપથી બધા પરેશાન છે.

હાલમાં જ અખિલેશ યાદવે કહ્યું હતું કે, તેમને કોંગ્રેસની ભારત જોડો યાત્રામાં સામેલ થવાનું આમંત્રણ નથી મળ્યું. જો કે, તેણે એમ પણ કહ્યું કે તેની યાત્રાની સાથે અમારી ભાવનાઓ છે.

પછી અખિલેશે કહ્યું કે, ભાજપ અને કોંગ્રેસ બંને એક જ છે. આનાથી સ્પષ્ટ થઈ ગયું છે કે, અખિલેશ યાદવ હવે કોંગ્રેસ-ભાજપ સિવાય જે મોરચો બનશે, તેની સાથે રહેશે.

અખિલેશ યાદવે આગળ કહ્યું કે, અમારી પાર્ટીનો સિદ્ધાંત અલગ છે, ભાજપ અને કોંગ્રેસ બંને એક છે.

જો કે, કોંગ્રેસ તરફથી દાવો કરવામાં આવ્યો હતો કે તેના તરફથી ભારત જોડો યાત્રામાં અખિલેશ યાદવ, માયાવતી અને જયંત ચૌધરી સહિત બિન-ભાજપ પાર્ટીના નેતાઓને ૩ જાન્યુઆરીથી શરૂ થઈ રહેલી યાત્રામાં સામેલ થવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

આ અગાઉ, સપાના પ્રવક્તા રાજેન્દ્ર ચૌધરીએ કહ્યું હતું કે અખિલેશ યાદવ પાર્ટીના કાર્યક્રમોમાં વ્યસ્ત હોવાને કારણે કોંગ્રેસની ભારત જોડો યાત્રામાં સામેલ નહીં થશે.

સપાના કોઈ અન્ય નેતા યાત્રામાં સામેલ થવા પર તેમણે કહ્યું કે, આ અંગે ચર્ચા નથી થઈ.

### કોરિયન વિસ્તારમાં તણાવ યથાવત,

## ડ્રોન મોકલવાને લઈને તણાવ વચ્ચે ઉત્તર કોરિયાએ ૩ મિસાઈલ છોડી

પ્યોંગયાંગ,તા.૩૧

ઉત્તર કોરિયા તેની હરકતોથી બચી રહ્યું નથી અને સતત ઉશ્કેરણીજનક કાર્યવાહી કરી રહ્યું છે. દક્ષિણ કોરિયાની સૈન્યએ કહ્યું કે ઉત્તર કોરિયાએ શનિવારે કોરિયન દ્વીપકલ્પના પૂર્વમાં સમુદ્રમાં એક નહીં પરંતુ ત્રણ બેલેસ્ટિક મિસાઈલો છોડી હતી.

આ વર્ષે ઉત્તર કોરિયા દ્વારા કરવામાં આવેલા ઘણા મિસાઈલ પરીક્ષણોમાંથી આ એક છે. એક દિવસ પહેલા ઉત્તર કોરિયા તરફથી ડ્રોન મોકલવામાં આવ્યું હતું.

દક્ષિણ કોરિયાના એરસ્પેસમાં કથિત ડ્રોન પ્રક્ષેપણને લઈને વધી રહેલા તણાવ વચ્ચે ઉત્તર કોરિયાએ શનિવારે તેના પૂર્વીય જળસીમા તરફ ત્રણ ટૂંકી અંતરની બેલિસ્ટિક મિસાઈલ છોડી હતી. દક્ષિણ કોરિયાના જોઈન્ટ ચીફ્સ ઑફ સ્ટાફે એક નિવેદનમાં કહ્યું કે તેમના દેશની સેનાએ શનિવારે સવારે ઉત્તર કોરિયાની રાજધાની પ્યોંગયાંગના દક્ષિણ વિસ્તારમાંથી ત્રણ મિસાઈલ પ્રક્ષેપણ શોધી કાઢ્યા.બીજી તરફ, જાપાનના સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઉત્તર કોરિયાએ શંકાસ્પદ રીતે બેલેસ્ટિક મિસાઈલ છોડી હતી. છેલ્લા આઠ દિવસમાં ઉત્તર કોરિયા તરફથી આ પ્રથમ મિસાઈલ પ્રક્ષેપણ છે. તે જાણીતું છે કે પાંચ દિવસ પહેલા દક્ષિણ કોરિયાએ પ્યોંગયાંગ પર તેના એરસ્પેસમાં પાંચ ડ્રોન મોકલવાનો આરોપ લગાવ્યો હતો. ઉત્તર કોરિયાએ અગાઉ ૨૦૧૭માં દક્ષિણ કોરિયાને ડ્રોન મોકલ્યા હતા.દક્ષિણ કોરિયાના યુદ્ધ વિમાનો અને હેલિકોપ્ટર સરહદે જોયેલા કોઈપણ ઉત્તર કોરિયાના ડ્રોનને મારવામાં નિષ્ફળ ગયા અને આ ડ્રોન ઉત્તર કોરિયામાં પાછા ફર્યા. આમાંથી એક ઉત્તર સિઓલ ગયો. દક્ષિણ કોરિયાની સેનાએ ઉત્તર કોરિયાના ડ્રોનને તોડી પાડવામાં નિષ્ફળ રહેવા બદલ માફી માંગી છે. દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ યૂન સુક યેઓલે મંગળવારે ઉત્તર કોરિયા પર વધુ સારી રીતે દેખરેખ રાખવા માટે મજબૂત એર ડિફેન્સ સિસ્ટમ અને હાઈ-ટેક ડ્રોન માટે હાકલ કરી હતી.અગાઉ, દક્ષિણ કોરિયાની સૈન્યએ એક દિવસ પહેલા શુક્રવારે પુષ્ટિ કરી હતી કે તેણે શુક્રવારે ઘન-ઈંધણ રોકેટનું પરીક્ષણ કર્યું હતું. સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે રોકેટનું પરીક્ષણ અવકાશ આધારિત સર્વેલન્સ ક્ષમતા બનાવવા અને તેની સુરક્ષાને મજબૂત કરવાના તેના પ્રયાસોના ભાગરૂપે કરવામાં આવ્યું હતું.

## પાકિસ્તાનમાં સરમુખત્યારશાહી, બલૂચિસ્તાનમાં વિરોધ પ્રદર્શનો પર પ્રતિબંધ, કરફ્યુ લાદવામાં આવ્યો

ઈસ્લામાબાદ,તા.૩૧

પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં પ્રાંતીય સરકારે આ અઠવાડિયે દેખાવકારો સાથેની હિંસક અથડામણમાં એક પોલીસકર્મીના મૃત્યુને પગલે બંદરીય શહેર ગ્વાદરમાં કર્ફ્યુ અને પ્રતિબંધ મૂક્યો છે.એક સત્તાવાર નિવેદનમાં આ માહિતી આપવામાં આવી હતી. મૌલાના હિદાયતુર રહેમાનની આગેવાની હેઠળ હક દો તેહરીક (એચડીટી) સાથે જોડાયેલા વિરોધીઓ લગભગ બે મહિનાથી સ્થાનિક માછીમારોની જગ્યાએ યાંત્રિક બોટ દ્વારા ગેરકાયદેસર માછીમારી સામે વિરોધ કરી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.

**હિદાયત-ઉર-રહેમાનની વાત માનીએ તો તેમનું કહેવું છે કે ગેરકાયદેસર માછીમારીના કારણે સ્થાનિક લોકોને રોજગાર નથી મળી રહ્યો.તેમણે કહ્યું કે આ બલોચનો અસલી મુદ્દો છે**

આ વિસ્તારના સ્થાનિક માછીમારો તેમની આજીવિકા માટે પેઢીઓથી માછીમારીના વેપાર પર નિર્ભર છે. સામાન્ય રીતે શાંતિપૂર્ણ વિરોધ આ અઠવાડિયે હિંસક બન્યો હતો કારણ કે પોલીસે વિરોધીઓને વિખેરવાનો પ્રયાસ કર્યો હતો, જેના પરિણામે મંગળવારે થયેલી અથડામણમાં એક પોલીસકર્મીનું મોત થયું હતું.

પોલીસ પ્રવક્તા અસલમ ખાને જણાવ્યું કે હાશ્મી ચોકમાં પ્રદર્શન દરમિયાન હિંસા ફાટી નીકળ્યા બાદ કોન્સ્ટેબલ યાસિરને ગળામાં ગોળી વાગી હતી અને તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. બલૂચિસ્તાનના ગૃહ પ્રધાન મીર ઝિયાઉલ્લાહ લેંગોવે કહ્યું કે પ્રાંતીય સરકારે ૐલ્હની તમામ માંગણીઓ પહેલાથી જ સ્વીકારી લીધી છે અને વિરોધ કરવાનું કોઈ કારણ નથી.

હિદાયત-ઉર-રહેમાને ભૂતકાળમાં કહ્યું હતું કે તેઓ સરકાર સાથે કોઈપણ મુદ્દા પર વાત કરશે નહીં, તેમણે કહ્યું હતું કે આ સરકાર બીજા વર્ગની છે. હિદાયતના મતે સરકારનો અભિગમ બિલકુલ ગંભીર નથી.

તમને જણાવી દઈએ કે હિદાયત પોતે એક રાજનેતા છે. તેમના મતે, પ્રાંતીય સરકાર તેમની ચિંતાઓને સમજવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે. હિદાયત-ઉર-રહેમાનની વાત માનીએ તો તેમનું કહેવું છે કે ગેરકાયદેસર માછીમારીના કારણે સ્થાનિક લોકોને રોજગાર નથી મળી રહ્યો.તેમણે કહ્યું કે આ બલોચનો અસલી મુદ્દો છે. જેના પર કોઈ સાંભળતું નથી. તેમણે કહ્યું હતું કે સરકાર અમારી ચિંતાઓને સમજવામાં નિષ્ફળ રહી છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



*NOG SS No* : *0110*

*પ્રકાર : ગદ્ય- *વર્ણન લેખ*

વિષય : પરિવારના પ્રથમ સ્નેહમિલનનો યાદગાર દિવસ

શબ્દો : ૩૬૫

શીર્ષક :‘આનંદનો ઉત્સવ‘

લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

૨૪ ડિસેમ્બર ૨૦૨૨નો દિવસ એટલે ‘ન્યૂઝ ઓફ ગાંધીનગર‘ - NOG ના સાહિત્ય સરિતા ગ્રુપના, અંધજન મંડળ, અમદાવાદ ખાતે આયોજિત પ્રથમ સ્નેહમિલનનો એક ખૂબ જ યાદગાર દિવસ. પરિવારના સભ્યોને પ્રત્યક્ષ મળવાના અને સાંભળવાના રોમાંચ સાથે સાહિત્ય સરિતા ગ્રુપ પરિવારના દરેક સભ્યો આ દિવસની ઉત્સાહભેર રાહ જોઈ રહ્યા હતા. સંચાલક શ્રી પ્રદીપભાઈ રાવલ અને મીનાક્ષીબેન રાવલ તથા સિનિયર એડમીન સભ્યો જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ, વિભૂતિબેન દેસાઈ, જયકાંતભાઈ ઘેલાણી તથા રતિલાલ વાયડાનું અદભુત આયોજન અને સુંદર સંચાલન આખા કાર્યક્રમને અવિસ્મરણીય બનાવી ગયું.

મારા જેવાં ઘણા સભ્ય મિત્રોએ આ ગ્રુપના બીજા ઘણા અનુભવી અને લાંબા સમયથી આ ક્ષેત્રમાં કાર્યરત એવા સાહિત્ય સર્જક મિત્રો સાથે સ્નેહ મિલનના આ મંચ ઉપર પ્રથમ વખત પ્રત્યક્ષ મુલાકાત કરી તેનો અપાર આનંદ હતો. સાહિત્ય પરિવારના સભ્યો દૂર દૂર ના શહેરોથી અમદાવાદમાં ખાસ આ કાર્યક્રમમાં હાજરી આપવા પધાર્યા હતા. સ્નેહમિલન સમારંભની શરૂઆત સુંદર મજાના અલ્પાહારથી કરી. કાર્યક્રમની શરૂઆત સુમધુર સરસ્વતી વંદનાથી થઈ. દીપ પ્રાગટ્ય જાણીતા કવિ શ્રી કૃષ્ણ દવેએ કર્યું. તેમણે ઉપસ્થિત સૌ સભ્યોને ઉદબોધન કરી પોતાની સુંદર કાવ્ય કૃતિઓથી શ્રોતાઓને રસથી તરબોળ કરી દીધા.

આગળ ઉપર સભ્યોની સુંદર ગદ્ય અને પદ્ય રચનાઓનું પઠન થયું. સહુએ ભેગા મળીને તેનું સાહિત્યપાન કર્યું. મધ્યાહ્ન સમયે ભેગા મળીને સૌએ પ્રીતિભોજન લીધું અને પરસ્પર સાહિત્યિક બાબતોની ચર્ચા દ્વારા આપ લે કરી. ભોજન બાદ એકોક્તિ ના અત્યંત રસપ્રદ કાર્યક્રમમાં સભ્ય સર્જક મિત્રોએ રચનાત્મક કૃતિઓની રજૂઆત કરી, જેને અદભુત આવકાર મળ્યો. ત્યારબાદ પરિવારના સભ્યો દ્વારા જ ગીત-સંગીતના એક સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઘણા સભ્યોએ હોંશભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું સંચાલન મેં અને મીનાક્ષીબેન રાવલે સાથે મળીને કર્યું,જેમાં હિન્દી-ગુજરાતી ફિલ્મોના ગીતોનું કરાઓકે ગાયન, લગ્ન-ગીત, સાખી, ગઝલ વગેરેનો સમાવેશ પણ થયો. ગીત સંગીતના કાર્યક્રમને અભૂતપૂર્વ આવકાર મળ્યો અને સહુ સંગીતના તાલે ઝૂમી ઉઠ્યા. આ દરમિયાન બીજા ઘણા આમંત્રિત મહેમાનોની હાજરીથી આખો કાર્યક્રમ દીપી ઉઠ્યો.

કાર્યક્રમના અંતમાં સભ્યોની સાહિત્ય ક્ષેત્રે વિશેષ કામગીરી તથા તેમની સિદ્ધિઓને બિરદાવવામાં આવી અને સભ્યોને સન્માનિત કરવામાં આવ્યા. દેશ-વિદેશમાંથી દૂર બેઠા બીજા કેટલાય શુભેચ્છક સર્જક મિત્રો જે આ કાર્યક્રમમાં પ્રત્યક્ષ હાજરી ન આપી શક્યા હોય તેઓ તરફથી આ કાર્યક્રમની સફળતા માટે અવિરત શુભેચ્છાઓ આવતી રહી હતી. મોડી સાંજે કાર્યક્રમના સમાપન બાદ પરિવારના સૌ સભ્યો હળવું ભોજન લઈને છૂટા પડ્યા. આવો સુંદર મજાનો કાર્યક્રમ આ અભૂતપૂર્વ સ્નેહ મિલનમાં હાજરી આપનાર પ્રત્યેક સભ્યના સ્મૃતિપટલ ઉપર અનેરી છાપ છોડી ગયો અને મેળાવડાનો આખો દિવસ યાદગાર આનંદનો ઉત્સવ બની ગયો.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

૩૧ ડીસેમ્બર ૨૦૨૨

---

NOG SS N0 089

પ્રકાર : ગદ્ય

શીર્ષક : ગેરહાજરી

વિષય પરિવારના પ્રથમ સ્નેહ મિલનનો યાદગાર દિવસ

લેખિકા પ્રવિણા કડકિઆ

—-

ગેરહાજરીમાં હાજરી છે

હાજરીમાં ભરી તાજગી છે

જો આ પંક્તિઓ પાછળની ભાવના સમજાય તો તમને ક્યારેય પ્રવિણાની

ગેરહાજરી નહી સાલી હોય.

૧૦,૦૦૦ માઈલ દૂરથી આવવું સહેલું ન હતું. છતાં પણ કાર્યક્રમની રજે રંજ માહિતી મળી.

હાજર હોંઉ તે રીતે તેનો આસ્વાદ માણ્યો . સમગ્ર કાર્યક્રમનું આયોજન ખૂબ સુંદર રીતે કર્યું હતું. અલ્પાહારના મોજ માણી કાર્યક્રમના શ્રી ગણેશ મંડાયા હતાં.

શ્રી કૃષ્ણ દવેના હસ્તે દીપનું પ્રાગટય દાદ માંગી લે તેવું હતું. તેમની કૃતિઓ રજૂ કરવાની છટા સહુએ વખાણી.

સહુ સભ્યોના મુખ પર આનંદ, ઉમંગ અને ઉત્સાહનો ત્રિવેણી સંગમ લહેરાતો હતો.

અંતમાં સભ્યોની કામગીરી અને સિદધીઓને બિરદાવ્યા જાણે સોનામાં સુગંધ ભળી.

આ વિસ્તૃત વર્ણન વાંચી નથી લાગતું કે “ ગેરહાજરીમાં હાજરી” તરવરતી હતી.

પ્રવિણા કડકિયા

---

NOG SS No. 007

વિષય : ન્યુઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરીતા પરિવાર સ્નેહ સંમેલન

૨૩ ડિસેમ્બરે મુંબઈ બોરીવલીથી સવારે ૬ વાગ્યાની ગુજરાત એક્સપ્રેસ માં અમદાવાદ આવી.૨૩ મીએ રાત્રે સંમેલનમાં ભાગ લેવા જવાના ઉત્સાહે નિંદર વેરણ થઈ અને છતાંય ૨૪ મી એ સવારે ૮.૩૦ વાગે સરસ સાડી પહેરી તૈયાર થઈ સંમેલન માણવા જવા તૈયાર થઈ ગઈ.અંધજન મંડળના હૉલમાં પહોંચી ત્યારે એડમીન ટીમ સિવાય બીજાં સભ્યોની પાંખી હાજરી હતી.જતાંની સાથે જ મુક્તિદા બેન અને મીનાબેન માંગરોલીયાએ પ્રેમથી આવકારી.પછી તો ધીરે ધીરે સભ્યો આવતાં ગયાં અને આરતી મરચંટના મોબાઈલ ફોન કૅમેરામાં સૌ ઝડપાતાં ગયાં.અને ફોટાઓની સાથે સાથે ગરમાગરમ ચ્હા, કૉફી,બટેટા પૌંઆ અને દાલવડાની લહેજત માણી.કાર્યક્રમની શરૂઆત કવિ શ્રી કૃષ્ણ દવે સાહેબના હસ્તે દીપ પ્રાગટ્યથી કરી,સરસ્વતી વંદના દ્વારા સરસ્વતી માતાનું સ્મરણ કરી એમનાં આશીર્વાદ લીધા.રેખાબેનના સુંદર સંચાલન હેઠળ કાર્યક્રમ આગળ વધ્યો.કવિ શ્રી કૃષ્ણ દવે સાહેબની મંત્રમુગ્ધ કરી દે એવી પદ્ય રચનાઓ સાંભળી એમ લાગે કે બસ કૃષ્ણ ભાઈને સાંભળ્યા જ કરીએ.ત્યારબાદ આવેલ દરેક સભ્યોએ પોતાની પદ્ય રચનાઓનો રસાસ્વાદ કરાવ્યો.પદ્ય રચનાઓ પછી ગદ્ય લખનાર સભ્યો પોતાની વાર્તાઓ દ્વારા સહુને વાર્તાના એક જુદાં જ વિશ્વમાં લઈ ગયાં.મનભરીને પદ્ય અને ગદ્ય રચનાઓ માણ્યાં પછી, સ્વાદિષ્ટ મનભાવન ભોજન જેમાં ઉંધિયુ,પુરી,ગાજરનો હલવો,દાળ ભાત, ફરસાણ, કચુંબર,અમૃતમયી છાશ અને સાથે વઢવાણી મરચાંની જબરદસ્ત લહેજત......; આરોગીને જાણે ઠાકોરજીનો સખડીભોગ આરોગ્યાનો ઓડકાર લીધાનો સંતોષ થયો.જમ્યા પછી લગભગ બધાંને થોડી વામકુક્ષી કરવાની ઈચ્છા થઈ હશે, પરંતુ જીજ્ઞાબેનના સંચાલન હેઠળ એકોક્તિનો દૌર શરૂ થયો અને જીજ્ઞાબેન દ્વારા રજૂ કરાયેલા રાવણના પાત્રને જોઈને અમારા સહુની વામકુક્ષી કરવાની ઈચ્છા ગાયબ થઈ ગઈ અને આગળની મારાં દ્વારા રજૂ થનાર દ્રૌપદીની એકોક્તિને માણવા સહુ તત્પર થઈ ગયાં.

ત્યારબાદ વિભૂતિ બેન અને જયકાંતભાઈના પાત્રોને માણ્યાં.એકોક્તિની રજુઆત પછી કાર્યક્રમનું નવલું નજરાણું એટલે મનીષાબેન વ્યાસના પુસ્તકનું કાર્યક્રમમાં પધારેલ અતિથિઓ જેમકે ધારીણીબેન શુક્લ,પ્રજ્ઞાબેન, ઉષાબેન, સુભાષભાઈ વગેરેના વરદ્ હસ્તે વિમોચન કરવામાં આવ્યું.આટલો રંગારંગ કાર્યક્રમ હોય અને સંગીત ન હોય તો કાર્યક્રમ ફીક્કો જ લાગે. નિખિલ કીનારીવાલાના સંચાલન હેઠળ સંગીતની મીઠાશ ઉમેરાય.મિનાક્ષીબેન અને પ્રદીપભાઈની શંકર પાર્વતી જેવી જોડીએ અને નિખિલ ભાઈએ પછી તો ગીતોના જે સૂર છેડ્યા કે આખું વાતાવરણ જાણે સંગીતમય બની ગયું. સંગીતના સૂરોને છેડ્યા બાદ શ્રી પ્રદીપ ભાઈએ ન્યુઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરીતા પરિવાર તરફથી ઉપસ્થિત સહુ ર્દ્મ સભ્યોનું, કાર્યક્રમ ની યશકલગી સમાન અતિથિઓનું અને સમગ્ર એડમીન ટીમનું સુંદર સર્ટિફિકેટ અને સરસ મઝાની ભેટ આપીને સન્માન કર્યું. એડમીન ટીમ એટલે કે જયશ્રીબેન એટલે કે અમારાં લાડલા દાદિ,હસમુખ માયાબેન,વિભૂતીબેન, અને જયકાંતભાઈ.......; એમના દ્વારા તૈયાર થયેલ કાર્યક્રમની રૂપરેખા, સમગ્ર આયોજન, પદ્ધતિસરનું ટાઈમ મેનેજમેન્ટ અને દરેક સભ્યોને એમની રચનાઓની રજૂઆત કરવા દેવા શક્ય એટલાં પ્રયત્ન કરી , કાર્યક્રમને સુંદર ઓપ આપ્યો જે ખરેખર સરાહનીય

છે.

‘પિક્ચર અભી બાકી હૈ દોસ્ત....;‘ એ ડાયલોગ મનમાં તરત જ ફ્લેશ થયો જ્યારે પ્રદીપભાઈના જન્મદિવસ છે ની ઘોષણા થઈ અને સ્વાદિષ્ટ ચોકલેટ કેક કાપીને સહુએ એમનો જન્મદિવસ ઉજવ્યો.અને છેલ્લે સ્વાદિષ્ટ પાઉં ભાજી,બિરયાની કેકની લહેજત લઈને કલ્પનાબેન દ્વારા લેવાયેલાં વઢવાણી મરચાંના તીખાશ અને ઠંડા ઠંડા પેરુના શરબતની મીઠાશ મોં માં લઈને સહુ છુટ્ટા પડ્યાં.

લેખિકા : આરતી અઢીયા મરચંટ

મુંબઈઃ કાંદિવલી.

---

NOG SS N0-106

NOG-સાહિત્ય સરિતા-ગ્રુપ

વિષય- પ્રથમ સ્નેહમિલનનો યાદગાર દિવસ.

પ્રકાર-ગદ્ય

શબ્દ- ૩૪૦

શીર્ષક-’મજા માણી’

---

‘અંધજન મંડળ’!!?

જગ્યા કેવી હશે? વાહ પ્રવેશતાં સાથે જ ખુલ્લાં વાતાવરણે એક ‘હકારાત્મક‘ ઊર્જા વર્તાવી દીધી! આંધળા વિદ્યાર્થીઓ,અને વ્યક્તિઓના નિખાલસ કપટ રહિત વ્યક્તિત્વને જોઈને મન પુલકિત થઈ ગયું!!

અહીં કલાકો સુધી શાંતિથી ‘ચૂપચાપ‘-આંખ બંધ કરીને બેસી રહેવાનું મન થઈ ગયું

ખાવાનું કેવું હશે?

આ..હા.. એ સ્વાદ તો અત્યારે પણ મોઢે પાણી આવે છે. અને સ્વાદની સાથે એ બનાવનાર રસોઈઆભાઈ (જેમને મળી મેં સરસ રસોઈ બનાવવા માટે ખાસ અભિનંદન આપેલા).કારણકે આખા પ્રોગ્રામનો મદાર જમવાનું!!યાદ કરીને તો અત્યારે પણ મોઢામાં પાણી આવે છે. એ બનાવનારો ‘ભાવ‘ એમાં એ સ્વાદમાં સ્ખલિત થતો હતો.

મને ઈચ્છા જરા પણ નહોતી! સ્નેહમિલનમાં સામેલ થવાની. પરંતુ એવું કોઈ ‘ક ખેંચાણ હતું,જે મને મુબઈથી અમદાવાદ સુધી ખેંચી લાવ્યું.

જેનું કારણ માત્ર વૉટ્સેપ મિત્રો હતા! જેમને ક્યારેય વ્યક્તિગત મળી ન હોતી!

અને સ્નેહ મિલનનો હિસ્સો બની શકી.

કીર્તિબેન પારેખ,જયંત ભાઈ ઘેલાણી,જસુભાઈ પટેલ,ભરતભાઈ સાંગાણી, મોહનભાઈ પરમાર નિખિલ કિનારી વાલા. જેવા સરસ સરળ લોકોને મળ્યાનો આનંદ છે.

મેઘા,મીના માંગરોળીયા અમુક બહેનોનાં નામ યાદ નથી પણ-- હજુ ખૂબ નામ છે મારાં દિલમાં તેનો રાજીપો છે.

નિખાલસ છતાં પ્રતિભાશાળી ર્દ્મ સાહિત્ય સરિતા-ગ્રુપના મુખીયા શ્રીપ્રદીપભાઈ,(મને-અમેરિકા/ભારત-નું રમકડું- કહી બિરદાવનાર)

શ્રી પ્રદીપભાઈ,તમને જાણ્યા કરતાંય તો જોયા તો વધારે ઓળખ્યા!!

મહેમાનોને સન્માનવા, સદાય તત્પર દેખાતાં- ગૌરવવંત,તરવરાટ છતાં ધૈર્યવાન અને કામણગારાં-શ્રીમતી મીનાક્ષીબેન(ભાભી)-તમે લોકોએ મારું દિલ જીતી લીધું.

બે/ત્રણ જુવાનીયાઓ (જેનાં નામ મને ખબર નથી)ર્દ્મના સભ્ય ‘ના‘ હોવા છતાં સતત-સવારથી સાંજ - સેવામાં - ખડે પગે હતા!! એ લોકોને તો આશીર્વાદ જ આપવા યોગ્ય છે.

‘તીન દેવીયાં‘

દાદીશા(જયશ્રીબેન પટેલ)

વિભૂતિબેન (મોટી)

માયાબેન દેસાઈ (દીદી)

જેવાં હૂલામણાં નામ છે! તેવાં જ કાર્યને-નેકદિલથી શોભાવતાં- આખો દિવસ કાર્યરત તમને અમે અનુભવ્યાં.

સાહિત્યકારો-કલાકારો થકી આપણે ઘણો આનંદ અને જ્ઞાન મેળવ્યાં જ.

ગુજરાતના નામાંકિત વ્યક્તિઓ- ડોઉષાબેન ઉપાધ્યાયની સરળતા પર વારિ ગઈ!

સેવાભાવી-સેવાધારી bold&beautifull ડો.ધારિણીબેન શુક્લ !!વાહ વાહ..મને તો એમ થયું કે મારે પણ -એમના જેવું જ વ્યક્તિત્વ કેળવવું જોઈએ.

ખ્યાતનામ અને મારા પ્રિય કવિશ્રી કૃષ્ણભાઈ દવે. એમને તો કલાકો સુધી સાંભળીએ અને માણીએ તો પણ ઓછું પડે!! સરળ વ્યક્તિત્વ

સાથે સુમધુર અવાજથી ‘કીડી બાઈ આવજે આવજે સાથે મંકોડાભાઈને લાવજે’સાંભળતાં! કીડીબાઈની વણઝારમાં આપણે પણ ખોવાઈ ગયાં.

અમેરિકાથી આવેલા મહેમાનો (અમુક ભાઈઓનાં નામ મને યાદ નથી.).

પ્રજ્ઞા દાદભાવાળા,જિગીષા પટેલ સૌને જોઈને રાજીપો.

એ સાથે સરસ ફોટા સાથે કલાત્મક સર્ટિફિકેટ મેળવ્યાનો આનંદ.

ડો.મનિષાવ્યાસનું પ્રથમ પુસ્તક ’સાહિત્ય-સરિતાની યાત્રા’ નું વિમોચન આજના દિવસનો અવિસ્મરણીય પ્રસંગ છે

ડો.રેખા શાહનું અસરકારક ર્દ્દોહિષ્ન સતત કાન દઈ પ્રોગ્રામને માણવા ઉત્સુક કરતું હતું.

અને.. જ્યારે કશુંક સારું થવાનું હોય ત્યારે અધૂરાશ તો રહેવી જ જોઈએ.એમ ચિઠ્ઠીથી ઈનામો મેળવવાની રમત (ૠંષ્ઠાઅ ઙ્ઘિ) અધૂરી રહી !! તે આ ‘સ્નેહમિલન નો યાદગાર દિવસ’ વિશેનું લખાણ ‘મજા માણી’...’પૂરી કરશે..

આવા સ્નેહમિલન આપણે વરસોવરસ યોજતાં રહીએ અને અવિરત આનંદ વહાવતાં રહીએ..મજા માણતાં રહીએ. એ જ ઈશ્વરને અભ્યર્થના.

મુક્તિદા કુમાર

‘રુપલી‘

મુંબઈ -મહારાષ્ટ્ર

# ભાવનગરમાં તલવાર લઈ લેબોરેટરીમાં ઘૂસ્યો શખસ,૧૦ લાખના સામાનની તોડફોડ કરી

ભાવનગર,તા.૩૧

ભાવનગર શહેરના કાળિયાબિડ વિસ્તારમાં એક શખસની દાદાગીરીનો વીડિયો સામે આવ્યો છે, જેમાં પેથોલોજી લેબોરેટરીમાંઆ શખસ તલવાર સાથે ઘૂસી આવ્યો હતો અને ૧૦ લાખની કિંમતનાં સાધનોની તોડફોડ કરી હતી તેમજ એક યુવાનને ઈજા પહોંચાડી લેબોરેટરી ખોલી તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેને લઈ લેબમાલિકે આરોપી વિરુદ્ધ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે.

સમગ્ર બનાવ અંગે નીલમબાગ પોલીસ મથકેથી જાણવા મળતી વિગતો અનુસાર, ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના મંગેળા ગામના વતની અને હાલ કાળિયાબિડમાં રહી પેથોલોજી લેબોરેટરી ધરાવતા ગોપાલ રાણા વાળાએ છ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં



કાળિયાબિડમાં જ રહેતા આરબી ઉર્ફે રાજભા ગોહિલ તથા બે અજાણ્યા શખસો મળી કુલ ત્રણ આરોપી વિરુદ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે ગત તા.૨૮ ડિસેમ્બરના રોજ આરોપી રાજભાએન્યૂવારાહીલેબોરેટરીમાંતલવાર સાથે ઘૂસી લેબનાં સાધનોની તોડફોડ કરી હતી તેમજ લેબમાં કામ કરતા પરેશ નાગજી કળસરિયાને ઈજા પહોંચાડી ફરાર થઈ ગયો હતો.આ દરમિયાન સંચાલક ગોપાલ તેના ભાઈ સાથે લેબ બહાર ઊભો હતો. આરોપી રાજભાએ બે અજાણ્યા શખસ સાથે મળી તેની પાસે આવી ધમકી આપી હતી કે જો લેબોરેટરી ખોલી તો જાનથી મારી નાખીશું. આ શખસે લેબનાં સાધનોની તોડફોડ કરી રૂપિયા ૧૦ લાખની નુકસાની કરી હતી. આ અંગે ગોપાલે રાજભા સહિત ત્રણ શખસ વિરુદ્ધ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## વિક્લી માર્કેટ રિપોર્ટ
## સોનાના વાયદાના ભાવમાં રૂ.૪૫૦ અને ચાંદીમાં રૂ.૧,૨૪૭નો સાપ્તાહિક ધોરણે ઉછાળો

**બુલડેક્સમાં ૨૬૩ પોઈન્ટની મૂવમેન્ટઃ ક્રૂડ તેલ, નેચરલ ગેસ, કોટનના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈનો માહોલઃ મેન્થા તેલમાં સુધારોઃ સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૭૯,૫૨૬ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧,૨૨,૯૨૬ કરોડનું ટર્નઓવર**




મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨૩થી ૨૯ ડિસેમ્બરના સપ્તાહ દરમિયાન ૨૭,૬૧,૯૫૨ સોદાઓમાં કુલ રૂ.૨,૦૨,૭૨૫.૦૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭૯,૫૨૬.૧૧ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧,૨૨,૯૨૬.૩૯ કરોડનો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭,૯૯,૩૧૬ સોદાઓમાં કુલ રૂ.૪૦,૬૯૬.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૪,૫૧૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૫,૩૬૫ અને નીચામાં રૂ.૫૪,૪૪૧ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૪૫૦ વધી રૂ.૫૪,૯૭૧ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૪૦૬ વધી રૂ.૪૪,૧૪૮ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૮૫ વધી રૂ.૫,૪૩૩ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪,૦૮૯ના ભાવે ખૂલી, રૂ.૫૭૬ વધી રૂ.૫૪,૬૪૨ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૮,૮૨૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૦,૩૩૫ અને નીચામાં રૂ.૬૮,૨૦૧ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૨૪૭ વધી રૂ.૬૯,૭૬૭ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૧૬૨ વધી રૂ.૬૯,૬૯૦ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧,૧૩૩ વધી રૂ.૬૯,૬૭૩ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે સપ્તાહ દરમિયાન ૭૭,૨૫૫ સોદાઓમાં રૂ.૧૨,૫૪૩.૬૮ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૨૦ ઘટી રૂ.૨૦૭.૫૫ અને જસત ડિસેમ્બર વાયદો રૂ.૩.૬૦ વધી રૂ.૨૬૮ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧૦.૧૦ વધી રૂ.૭૨૨.૪૦ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૦ ઘટી રૂ.૧૮૭ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર ૪૧૬,૧૦૦ સોદાઓમાં કુલ રૂ.૨૬,૧૫૩.૦૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૬,૪૯૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૭૨૯ અને નીચામાં રૂ.૬,૩૮૧ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૩૮ વધી રૂ.૬,૪૭૩ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫૧.૪૦ ઘટી રૂ.૩૭૫.૯૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૨,૧૦૬ સોદાઓમાં રૂ.૧૩૩.૩૦ કરોડનાં કામકાજ સપ્તાહ દરમિયાન થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૧૩૯ના ભાવઘટાડા સાથે રૂ.૧,૫૮૪.૫૦ બંધ થયો હતો. કોટન ડિસેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૨૯,૪૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૨૯,૫૯૦ અને નીચામાં રૂ.૨૬,૨૧૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૨૫૦ ઘટી રૂ.૨૮,૨૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૧.૫૦ વધી રૂ.૧૦૦૭.૧૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ સપ્તાહ દરમિયાન, એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૪,૨૫૨.૦૫ કરોડનાં ૨૬,૦૨૯.૪૦૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨૬,૪૪૪.૦૭ કરોડનાં ૩,૮૦૯.૧૯૦ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૯,૦૩૯.૪૫ કરોડનાં ૧,૩૭,૭૮,૩૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧૭,૧૧૪ કરોડનાં ૪૨,૨૨,૯૮,૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૭૨.૭૭ કરોડનાં ૨૫,૭૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૬૦.૩૭ કરોડનાં ૬૦૫.૮૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૧૨૬.૧૬૭ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૨૩.૫૪૦ ટન, ક્રૂડ તેલમાં ૬,૩૯,૧૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૩,૮૧,૪૩,૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૫૨૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૮૮.૧૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૨૭૨.૫૫ કરોડનાં ૩,૫૫૨ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૫,૨૬૦ના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ૨૬૩ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૧૬૪ પોઈન્ટ વધી ૧૫,૪૧૦ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન રૂ.૧,૨૨,૯૨૬.૩૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬,૧૨૦.૮૫ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૨૦૩.૫૯ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૪,૦૫૩.૫૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૧,૫૩૫.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

# વડતાલધામના સંગ્રહાલયમાં જસ્ટીશ ડી એન પટેલે શિલાપૂજન કર્યુ



ખેડા જીલ્લાના વડતાલ મુકામે બની રહેલ સ્વામિનારાયણ સંપ્રદાયના સૌથી વિશાળ સંગ્રહાલયની ડી એન પટેલ સાહેબે મુલાકાત લીધી હતી. પરિવાર સાથે વડતાલ મંદિરમાં દેવ દર્શન કરીને , દોઢ લાખ ચોરસફુટની વિશાળ પ્લીંથ સાથે પત્થરમાં બની રહેલ સંગ્રહાલયની શાલાઓનું પૂજન કર્યુ હતું . ગુજરાત હાઈ કોર્ટ , ઝારખંડ અને દિલ્હી હાઈકોર્ટમાં સેવા આપી ચૂકેલા ડી એન પટેલ ગુજરાતનું ગૌરવ છે.

વર્તમાનમાં ટેલિકોમ ડીસ્પુટના ચેરપરસન તરીકે સેવા આપી રહ્યા છે.

અક્ષરભૂવનનું શીલા પૂજન કરીને , સ્થળ નિરિક્ષણ કરીને આનંદ વ્યક્ત કર્યો હતો અને ઐતિહાસિક કાર્ય બદલ ચેરમેનશ્રી દેવપ્રકાશ સ્વામી અને ડો સંત સ્વામી સહિત ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

# આફ્રિકા - વડતાલધામ પ્રતિષ્ઠા મહોત્સવમાં સ્વ . હિરાબાને વ્યાસપીઠ પરથી શ્રદ્ધાંજલિ



શ્રીસ્વામિનારાયણ મંદિર વડતાલતાબાનું આફ્રિકામા પ્રથમ મંદિર તૈયાર થયું છે. આ મંદિરનો મુર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તા ૨૮-૧૨-૨૨ થી ૩-૧-૨૩ સુધી ચાલી રહ્યો છે. આ પ્રસંગે વડતાલદેશના ગાદિપતિ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ ૯૯ સંતો સાથે વિદેશ સત્સંગયાત્રાએ છે. આજે વ્યાસપીઠ પરથી સરધાર નિવાસી પૂજય શ્રી નિત્યસ્વરૂપદાસજી સ્વામીએ સ્વ. શ્રીહિરાબાને હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ભારતના ગૌરવસમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદિ જેવા ધર્મવીર રાજપુરુષના જનેતા હિરાબા આદરણીય છે , તેમનું જીવન પેઢીઓ સુધી પ્રેરક બની રહેશે એમ કહીને સ્વામિનારાયણ મહામંત્રની ધુન કરીને એક સાથે ત્રણ હજાર બિન નિવાસી ભારતીય ભક્તોએ આફ્રિકાની ધરતી પરથી હીરાબાને હાર્દિક શ્રદ્ધાંજલિ આપી હતી.

# જીટીયું માં કાયમી વાઈસ ચાન્સલર ની વરણી થાય તે પહેલા જ આમ આદમી પાર્ટી એ નામ જાહેર કરી બિન રાજકીય વ્યક્તિ ની વરણી કરવા આવેદનપત્ર આપ્યું



જીટીયું ના વાઈસ ચાન્સલર શ્રી નવીન શેઠ ની ટર્મ આજે પુરી થઈ ગઈ છે. સરકાર દ્વારા હજુપણ વાઈસ ચાન્સલર માટે સર્ચ કમિટી બનવવામાં આવેલ નથી.ત્યારે આજે જીટીયું ના કર્મચારી શ્રી પંકજ પટેલ ને જ્યાં સુધી નવા વાઈસ ચાન્સલર ની વરણી ન થાય સુધી ચાર્જ સોંપવામાં આવ્યો છે.આમાં બિન રાજકીય અને તટસ્થ કમિટી દ્વારા વાઈસ ચાન્સલર ની વરણી કરવામાં આવે તેવી માંગણી આમ આદમી પાર્ટી ની શિક્ષણ ટીમે કરેલ છે. આમ આદમી પાર્ટી ના પ્રદેશ ના હોદ્દેદાર શ્રી લક્ષમણભાઈ ચૌહાણ અને અમદાવાદ શહેર શિક્ષણ પરિષદ ના પ્રમુખ ભાવેશ રાઠોડ દ્વારા આરોપ મુકવામાં આવ્યો કે જીટીયું માં રાજકીય વગ ધરાવતા મહેસાણા સાર્વજનિક ના પ્રિન્સિપાલ છગન પટેલ કે અમદાવાદ ની એલ.ડી. કોલેજ ના પ્રિન્સિપલ રાજુલ ગજ્જર ની જ વરણી કરવામાં આવશે એવો આરોપ આમ આદમી પાર્ટી દ્વારા લગાવવામાં આવ્યો છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ફલાવર શો ખુલ્લો મુક્યો, ૧૩ દિવસ સુધી અટલ બ્રિજ બપોરે ૨ વાગ્યાથી લોકો માટે બંધ રહેશે



અમદાવાદ,૩૧

અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલની લોકોએ ભરપુર મજા માણી છે અને હવે રિવરફ્રન્ટ પર ફલાવર શોનું આયોજન કરવામાં આવ્યું છે.

૩૧ ડિસેમ્બરથી ૧૨ જાન્યુઆરી ૨૦૨૩ સુધી સાબરમતી રિવરફ્રન્ટ પર ઈવેન્ટ ગ્રાઉન્ડ અને ફલાવર ગાર્ડન ખાતે ‘ફલાવર શો’ યોજાશે.

આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ફલાવર શોની મુલાકાત લીધી હતી અને જી-૨૦ થીમ આધારિત સકલ્પ્ચરની તેમજ ફૂલ છોડની માહિતી પણ મેળવી હતી. ફલાવર શોમાં જવા માંગતા લોકો તમામ ઝોનલ ખાતેના સિવિક સેન્ટર ખાતેથી ફ્લોવર શો માટેની ટિકિટ ખરીદી શકાશે.

તે ઉપરાંત ફ્લોવર શો ખાતેથી પણ ટિકિટ મેળવી શકાશે.

૧૨ વર્ષથી ઉપરની તમામ વ્યક્તિ માટે રૂ. ૩૦ની ફી રહેશે. તે ઉપરાંત ૧૩ દિવસ સુધી અટલ બ્રિજ બપોરે ૨ વાગ્યાથી લોકો માટે બંધ રહેશે.

અમદાવાદના મેયર કિરીટ પરમારે પત્રકારોને જણાવ્યું હતું કે, છેલ્લા ૧૦ વર્ષથી ફલાવર શોનું આયોજન મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવે છે.

આઝાદી કા અમૃત મહોત્સવ થીમ પર તેમજ વિવિધ કલરની ગ્રીન વોલ આકર્ષક સેલ્ફી પોઈન્ટ તેમજ જુદી જુદી સાઈઝના ફલાવર ટાવર સહિત અલગ અલગ થીમ આધારિત જુદા જુદા કલ્ચર ફલાવર શોમાં રહેશે. અમે ટિકિટના ધસારાને ધ્યાનમાં રાખી અને તમામ ઝોનલ સેન્ટર ઉપર ટિકિટના વેચાણની સુવિધા શરૂ કરી છે.

જેથી લોકો નજીકના સિવિક સેન્ટર ઉપરથી મેળવી શકશે. તેમજ ઓનલાઈન રિવરફ્રન્ટની વેબસાઈટ ઉપર પણ તેઓ ફલાવર શોની ટિકિટ મેળવી શકશે.

ફૂલ છોડના રોપાના વેચાણ માટે પણ સાત નર્સરીના સ્ટોલ રાખવામાં આવ્યા છે.

ફલાવર શોમાં આ વખતે મહેંદીમાંથી બનાવેલી ઓલિમ્પિકને લગતી જુદી જુદી રમતોનાં સ્કલ્પચર,જી-૨૦ થીમ આધારીત સ્કલ્પચર અને મેસેજ આપતા લખાણો, આઝાદી કા અમૃત મહોત્સવ થીમ આધારીત સ્કલ્પચર, ૨૦૦ ફૂટ લાંબી વિવિધ કલરની ગ્રીન વોલ તથા આકર્ષક સેલ્ફી પોઈન્ટ્સ પણ ઉભા કરવામાં આવ્યાં છે. ફલાવર લવ ગેટ, ફલાવર ફોલ પોટ, ફલાવર ટ્રી તથા જુદા જુદા કલરનાં ફલાવર રોલનાં સ્કલ્પચર જુદી જુદી સાઈઝનાં ફલાવર ટાવરનું સ્કલ્પચર, બોલ સાથે ડોલ્ફીન પણ હશે.



ગઈકાલે સાંજે ૫ વાગ્યા પછી લો ગાર્ડન થી ગુજરાત કોલેજ તરફ શહીદ વીર કીનારિવાળા બસ સ્ટોપ પાસે અચાનક બીઆરટીએસ બસ માં આગ ભભૂકી ઉઠી.ભડ ભડ બસ ઉપર ના ભાગથી સળગવા લાગી..ફાયર બ્રિગેડ દ્વારા પાણી ના ફોર્સ થી આગ ઓલવી દેવામાં આવી..શું આમ લાખો રૂપિયા નું થતું આ અચાનક નુકશાન રેગ્યુલર ચેકઅપ થી નિવારી ના શકાય?(અભિલાષ ઘોડા દ્વારા)




NOG સાહિત્ય સરિતા ગ્રુપ ના સભ્ય (બરોડા સ્થિત ગઝલ સાહિત્યકાર,સર્જક)શ્વેતા તલાટી ( પ્રથમ વિજેતા) તેમજ અંજના ગાંધી (દ્વિતીય વિજેતા) ને ગ્રુપ ની શબ્દાર્થ વિષયક સ્પર્ધા માં પ્રથમ ઈનામ વિજેતા બની ને ટ્રોફી ગ્રુપ એડમીન જયશ્રી પટેલ(જાણીતા સાહિત્યકાર.દાદી શા) ના હસ્તે ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પરિવાર તરફથી આપવામાં આવી છે.જે સ્પર્ધા ૨૯/૯/૨૦૨૧ ના રોજ ગ્રુપ માં યોજાઈ હતી..ખૂબ ખૂબ અભિનંદન

# પાટણ જિલ્લા પોલીસ સલાહકાર સમિતી મા નિમણૂંક કરાઇ

પાટણ જિલ્લા ભાજપ પ્રમુખ ડો. દશરથજી ઠાકોર તથા જિલ્લા પ્રભારી મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા ની ભલામણ થી ગુજરાત ના ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષદભાઈ સંઘવી દ્વારા પાટણ જિલ્લા પોલીસ સલાહકાર સમિતીમા ચાણસ્મા તાલુકા ભાજપ મહામંત્રી કિરણ જાની અને જિલ્લા ભાજપ ના કાર્યાલય મંત્રી નવીન પ્રજાપતિની નિયુક્તિ કરવામા આવી હતી તેઓની સાથે જિલ્લાના આગેવાનો ભરતભાઇ ધમસીભાઇ દેસાઇ (હારીજ તાલુકો) , ભૂપેન્દ્રજી ઠાકોર (સમી તાલુકો) , વિજયાબેન બારોટ (પાટણ શહેર) વિષ્ણુભાઇ પટેલ (પાટણ તાલુકો) , લાલજીભાઈ દેસાઇ (સરસ્વતી તાલુકો) સતીષભાઇ પટેલ (પાટણ શહેર) ની સમિતીના સભ્યોમાં નિયુક્તિ કરવામા આવી છે.

# અમદાવાદની આઈકેર હોસ્પિટલમાં આગ લાગતા દંપતીનું મોત

અમદાવાદ,તા.૩૧

શહેરમાં વર્ષનાં અંતે ગોઝારો અકસ્માત થયો છે. શહેરનાં નારણપુરા વિસ્તારમાં આવેલી મોદી આઇ કેર હોસ્પિટલનાં પહેલા માળે આગ લાગી છે. જેમાં બે લોકોનાં મોત થયા છે. આ હોસ્પિટલમાં લાગેલી આગને કારણે સિક્યુરિટી ગાર્ડ અને તેમની પત્નીનું મોત નીપજયું છે. પ્રાથમિક માહિતી પ્રમાણે, આ આગ વહેલી સવારે ત્રણ વાગ્યાની આસપાસ લાગ્યાની શક્યતા છે.

# સ્કૂલ ફોર મેન્ટલી ડિસેબ્લડ્ નાં મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે આજે, મેમનગર ખાતે રમતોત્સવ ઉજવાયો પરંપરાગત રમતો નો ઉત્સવ



નવજીવનટ્રસ્ટ સંચાલિત ડો. હરિકૃષ્ણ ડાહ્યાભાઈ સ્વામી સ્કૂલ ફોર મેન્ટલી ડિસેબ્લડ્ નાં મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે આજે, સવારે ૧૦ થી ૧ માં ઔડાગાર્ડન, દિવ્યપથ સ્કુલ ની સામે,મેમનગર ખાતે રમતોત્સવ નુ આયોજન કરેલ છે. આ રમતોમાં વિદ્યાર્થી ની એબિલિટીને ધ્યાનમાં રાખીને , રન ,વોક, લીંબુ ચમચો ,સંગીત ખુરશી,બોલ થ્રો, બકેટ બોલ, જેવી રમતો રમાડવા માં આવી હતી.૮૦ જેટલા મનોદિવયાંગ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો.વિજેતા થયેલ બાળકોને ઈનામ આપી સનમાનવા મા આવ્યા. ભાગ લેનાર દરેક બાળકોને ટોકન ઈનામ લાયન્સ કલબ ઓફ અમદાવાદ સંવેદના તરફ થી આપવા માં આવ્યા. બધા બાળકો માટે ભોજન વ્યવસ્થા પણ શુભેચ્છક શ્રી કૌશિકભાઈ કાળીદાસ પટેલ તરફથી કરવા મા આવી હતી.

આવી પરંપરાગત રમતો રમવા ની મનોદિવયાંગ વિદ્યાર્થીઓ ને ખુબ જ મઝા આવી હતી.

રમતોત્સવ ની શરૂઆત માં પુજય હિરાબા ને શ્રધ્ધાજંલી આપવા મૌન પાળવા મા આવ્યુ હતુ.

નવજીવન પરિવાર

# વડોદરામાં રમતાં રમતાં ૨ વર્ષનું બાળક ૧૦ ફૂટ ઊંડા ખાડામાં ખાબક્યું, ખાડો ખોદી બહાર કાઢ્યું



વડોદરા,તા.૩૧

વડોદરા શહેરના સરસીયા તળાવ પાસે રમતા મરતા બે વર્ષનું બાળક અરૂણ માવી ૧૦ ફૂટ ઊંડા ખાડામાં ખાબક્યું હતું. જેને પગલે ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમે ત્રઝમ્ની મદદથી ખાડો ખોદીને બાળકને સહીસલામત રીતે બહાર કાઢ્યુ હતું અને સારવાર માટે હોસ્પિટલમાં મોકલી આપ્યું હતું. આમ બાળકનો ચમત્કારિક બચાવ થયો હતો.મૂળ દાહોદ જિલ્લાના લિમખેડાના અંબા ગામના શ્રમજીવી પરિવાર વડોદરામાં રહે છે. આ પરિવારનું બે વર્ષનું બાળક અરૂણ મહેશભાઈ માવી રમતા રમતા આજે ૧૦ ફૂટ ઊંડા ખાડામાં પડી જતા બૂમરાણ મચી ગઈ હતી અને પરિવારજનોએ દોડધામ કરી મૂકી હતી. આ બનાવને પગલે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જ્યારે, પોલીસ અને દાંડિયા બજાર તેમજ પાણીગેટ ફાયર બ્રિગેડનો સ્ટાફ પહોંચી ગયો હતો.

વડોદરાના સરસીયા તળાવ પાસે આજે બપોરે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ ફાયર બ્રિગેડને કોલ મળ્યો હતો કે, જૂના શિવજીના મંદિર પાસે એક બાળક ઊંડા ખાડામાં પડી ગયું છે. જેથી ફાયર બ્રિગેડની ટીમ તુરંત જ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને બાળકને રેસ્ક્યૂ કરવાની કામગીરી શરૂ કરી હતી. ખાડો સાંકડો હોવાથી બાળકને રેસ્ક્યૂ કરવામાં ફાયર બ્રિગેડને ખૂબ જ મુશ્કેલી પડી હતી. ફાયર બ્રિગેડે બાજુમાં જ ત્રઝમ્ની મદદથી બીજો ખાડો ખોદવાનું શરૂ કર્યું હતું. જોતજોતામાં જ ખાડો ખોદીને બાળકને બહાર કાઢવામાં આવ્યું હતું અને સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ પોલીસ પણ દોડી ગઈ હતી. બાળક ખાડામાં પડી ગયાની જાણ થતાં મોટી સંખ્યામાં લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા. ફાયર બ્રિગેડે બાળકને સહીસલામત રીતે બહાર કાઢતા લોકોએ ફાયરબ્રિગેડની કામગીરીના વખાણ કર્યાં હતા.માસૂમ બાળકને ખાડાનો ખ્યાલ ન આવે એ સ્વાભાવિક છે, પણ આવો ઊંડો અને સાંકડો ખાડો કોણે ખુલ્લો મુકી દીધો એ પણ મોટો સવાલ છે. જેને પગલે સ્થાનિકોમાં તંત્ર પ્રત્યે આક્રોશ જોવા મળ્યો હતો.

# ઉદ્યોગપતિ પરિવારમાં માતમ છવાયો, હજુ તો હાથની મહેંદી પણ ન ઉતરી અને કાર અકસ્માતમાં પરિવારની વહુનું મોત

વડોદરા,તા.૩૧

વડોદરાના ઉદ્યોગપતિનો પરિવાર કૂળદેવીના દર્શન કરી ઢસા ગામથી પરત ફરતો હતો ત્યારે કસ્બારા ગામ પાસે કારનો ઓવરટેક કરતી વેળા ઝોકું આવી જતાં અકસ્માત સર્જાયો. તારાપુર પાસે સર્જાયેલા અકસ્માતમાં મ્સ્ઉ કાર ટ્રકમાં ભટકાઇ હતી. જેમાં ઉદ્યોગપતિ પરિવારની નવવધૂનું મોત થયુ છે. તો પતિ-બહેનને ઈજા થઈ છે. નવયુગલના તાજેતરમાં જ લગ્ન થાય હતા. ત્યારે વહુના મોતથી ઉદ્યોગપતિ પરિવારમાં માતમ છવાયો.

પ્રાપ્ત માહિતી અનુસાર, વડોદરા ઓલ્ડ પાદરા રોડ શિવશક્તિ સોસાયટી આવિષ્કાર કોમ્પ્લેક્સ પાછળ રહેતા ઉર્મિલ નલીનકાંત શાહનો પરિવાર રહે છે. જેમની મકરપુરા જીઆઈડીસીમાં પોતાની કંપની છે. ઉર્મિલ શાહનો પરિવાર પોતાની ફોર્ડ એવેન્ડર અને બીએમડબલ્યુ કાર લઈને ઢસા ગામે કુળદેવીના દર્શન કરવા નીકળ્યો હતો. બંને કારમાં સવાર પરિવારજનો દર્શન કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે તારાપુર-વટામણ હાઈવે પર કસ્બારા પાસે શુક્રવારે બપોરે ૩.૩૦ કલાકે બીએમડબલ્યુ કારને અકસ્માત નડ્યો હતો.

બીએમડબ્લ્યુ કાર ચલાવી રહેલા ઉત્સવ અમિતભાઈ શાહને આગળ જતી કારનો ઓવરટેક કરવા ગયા હતા, ત્યારે તેમને ઝોકું આવી જતાં કાર આગળ જતી ટ્રકમાં અથડાઇ હતી. આ અકસ્માતમાં ઉર્વિલ શાહના પત્ની મૃગ્ના શાહનું શરીરે તેમજ માથામાં ગંભીર ઈજાઓ થતાં મોત નિપજ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, હજી ૨૦ દિવસ પહેલા ઉત્સવ શાહ અને મૃગ્નાના લગ્ન થયા હતા. હજી તો મૃગ્નાના હાથની મહેંદીનો રંગ પણ ઉડ્યો ન હતો, ત્યાં તેમનુ મોત નિપજ્યુ હતું. આમ, ઉદ્યોગપતિ પરિવારની લાડલી વહુનું મોત થતા પરિવારમાં માતમ છવાયો છે.

# હવેના બે દિવસ સાચવજો, ગુજરાતમાં કાશ્મીર જેવી ઠંડી લાગશે



ગાંધીનગર,તા.૩૧

આજથી ઠંડીના વધુ એક રાઉન્ડની આગાહી, નવા વર્ષથી રાજયભરમાં શીતલહેર ફરી વળશે. આગામી બે દિવસ દરમિયાન સરેરાશ લઘુતમ તાપમાનનો પારો ૨-૩ ડિગ્રી સુધી ગગડતાં ઠંડીમાં વધારો થવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. ઉત્તર ભારતમાં હીમવર્ષાના પગલે ગુજરાતમાં ઠંડીનું જોર વધ્યું છે. અમદાવાદ, ગાંધીનગર સહિતના શહેરોનો પારો ગગડતાં લોકો ઠુંઠવાયા છે. અમરેલી અને જૂનાગઢનું તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું છે.

આગામી બે દિવસમાં ઠંડીનો ચમકારો અમદાવાદ વધશે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી બે દિવસમાં ઠંડીનો ચમકારો વધશે. લઘુત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે. બે દિવસ બાદ તાપમાન ઉંચુ જતા ઠંડીમાં ઘટાડો થશે. હાલ રાજ્યમાં ઉત્તર પૂર્વીય પવનની લહેર ચાલી રહી છે. ત્યારે કાતિલ ઠંડીની આગાહી વચ્ચે આજે અમદાવાદનું લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે.

ગુજરાતમાં ઠંડીનું જોર યથાવત છે અને નલિયાનું તાપમાન ૧૨ ડિગ્રી નોંધાયું,ગાંધીનગરનું તાપમાન ૧૩ ડિગ્રી નોંધાયું ,અમદાવાદનું તાપમાન ૧૪ ડિગ્રી નોંધાયું,અમરેલી અને જૂનાગઢનું તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું છે

હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૨ દિવસમાં ગુજરાતમાં ફરી તાપમાનનો પારો ગગડશે. લઘુત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા. જોકે, ઠંડીનો માહોલ બે દિવસ જ રહેશે. બે દિવસ બાદ ઠંડીમાં ઘટાડો થશે. રાજયમાં હાલ ઉત્તર-પૂર્વીય પવનની લહેર ચાલી રહી છે. ઉત્તર ભારતમાં હીમવર્ષાના પગલે ગુજરાતમાં ઠંડીનું જોર વધ્યું છે. અમદાવાદ, ગાંધીનગર સહિતના શહેરોનો પારો ગગડતાં લોકો ઠુંઠવાયા છે. અમરેલી અને જૂનાગઢનું તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું છે.

ઉત્તર ભારતમાં કડકડતી ઠંડીની સાથે સાથે બરફ વર્ષા પણ શરૂ થઈ ગઈ છે. જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં બરફ વર્ષાની અનેક શહેરોના લોકો ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે.

જમ્મુ કાશ્મીરના ડોડા, પુંછ, પહલગામ, ગુલમર્ગ અને બનિહાલ સહિતના વિસ્તારોમાં જાણો બરફની સફેદ ચાદર છવાઈ ગઈ છે. તમે હાલ છે દ્રશ્ય જોઈ રહ્યા છો તે જમ્મુ કાશ્મીરના ડોડા જિલ્લાના છે. અહીં પહાડી વિસ્તારોનું ઘાસ હોય કે ઝાડ હોય બધુ જ થીજી ગયુ છે. જ્યારે અમુક જગ્યા તો બરફ જ બરફ છવાઈ ગયો છે. કાશ્મીરને એમ જ જન્નત કહેવામાં નથી આવતુ, આ દ્રશ્યો જોઈને તો તમને પણ લાગશે કે ખરેખર કાશ્મીર જન્નતથી ઓછું નથી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.